R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA


Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૯મું

VOLUME : 03 • ISSUE : 23 • PAGES : 28 • MUMBAI • DATE : 5TH OCTOBER 2023

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

# MICROFINISH

Pumps • Valves • Automation




## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી સ્થાનેથી

# કદઓ પરિવારની વંશાવલીનું મહત્ત્વ



કાર્ય. તંત્રી : એડ. ઉદયન શાહ : ૯૮૨૧૦ ૦૪૨૬૯ (સાંજે ૫ થી ૯)

પ્રકાશ સમીક્ષાના પાછલા 'વસ્તીપત્રક' એ ''ઐતિહાસિક વારસો'' હેઠળ વસ્તી પત્રકની મહત્ત્વતા ઉજાગર કરી હતી. વડોદરાના શ્રી નવિન પટેલે પણ પ્ર.સ.માં વસ્તી પત્રકની મહત્તા રજૂ કરી હતી. તાજેતરમાં તંત્રીને બે ફોન આવ્યા હતા. એક વડીલશ્રીએ પોતાની માતા વિશે માહિતી માંગી અને એક વડીલશ્રીએ કચ્છમાં વહીવંચા હતા અને નોંધ કરતા હતા એ વિશે વાત કરી. શું સુજ્ઞ જ્ઞાતિજનો પાસે પોતાના દાદા-બાપા કે દાદીમા, નાના-નાની કે અન્ય વડીલોના ફોટા સાચવેલા છે? શું વડીલોના લગ્નના ફોટાઓ છે? તમે તમારા સ્કૂલ, કોલેજ અને નાનપણના ફોટા સાચવ્યા છે? તમે ક્યારે તમારી વંશાવલી શોધવાનો પ્રયત્ન કર્યો છે ખરો?

બીજા એક તંત્રી લેખમાં દરેક મહાજનો અને દેરાસરના ટ્રસ્ટીઓને વિનંતી કરવામાં આવી હતી કે તમારા અગાઉના ટ્રસ્ટીઓના ફોટા અને એમના નામનો જેમાં ઉલ્લેખ હોય એવા ચોપડા કે રજીસ્ટરો સાચવ્યા છે? ખાસ કરીને આપણા અબડાસા તાલુકાના દેરાસરોમાં આ બાબતની તલસ્પર્શી તપાસ હાથ ધરવી જોઇએ.

જો તમારી પાસે કદાચ તમારા વડીલોએ હાથથી લખેલ પત્રો હશે જે તેમણે તમને વરસો પહેલા ટપાલના જમાનામાં લખ્યા હશે એમાં શું માહિતી છે એ તમે વાંચી છે? પરનાતમાં પરણેલી તમારી દિકરીઓને તમારા નજીકના અને આ સદીના વડીલો વિશે ખ્યાલ છે કે પરનાતમાંથી આવેલ તમારી વહુને આ વાતની ખબર છે ?

શું તમે તમારા છોકરાઓને દાદા-દાદી અને નાના-નાની પાસે વાર્તા સંભળાવા મોકલાવ્યા છે? તમે કહેશો કે અરે, આ વાતો અમે ઘણાં લખાણોમાં વાંચી છે અને અમને બધી જ ખબર છે. પણ જરા તમારા ઘરમાં નજર નાખજો, તમારા ૧૪ થી ૩૦-૩૫ વર્ષના દિકરા-દિકરીઓ ઉપર તેમના જીવનમાં મિત્રો, ઓફિસ કલીગ એટલે સહકર્મચારી, કલબમિત્ર, મોબાઇલ અને કોમ્પ્યુટરનું જેટલું મહત્ત્વ છે એના કરતા 10મા ભાગનું મહત્ત્વ પણ કદાચ તમારા માટે કે વડીલો માટે નહીં હોય. તો પછી એ તમારા અને તમારા વડીલોની વંશાવલી વિશે શા માટે રસ લેશે?

આજના યુવાનો અન્કલ, આન્ટી અને 'બ્રો' જેવા શબ્દો વધારે વાપરે છે. (આ શબ્દ છોકરા અને છોકરીઓ બન્ને માટે વપરાય છે) કઝીન મામા કે માસા આ નવો શબ્દ વળી કોણે શોધી કાઢ્યો? મા-બાપ, કાકા-કાકી, ફુઇ-ફુઆ જેવા શબ્દો ભુલાઇ ગયા છે.

તમારી પાસે જે તમારા વંશ વારસાના જુના ફોટાઓ, લખાણો, નોંધો, ડાયરીઓ હોય તેને ડીજીટલાઇઝ કરાવી લ્યો. જેથી કરીને તમારી આવનારી પેઢીને કોઇ તકલીફ ન પડે.

આજે આપણે એકબીજાને મળતાં ઓછાં થઇ ગયા છીએ અને ક્યાંક કુટુંબમાં સંબંધો વેરવિખેર થયેલા જોવા મળે છે અને એમાં માન, મોભો નથી જળવાતો અને લાગણી પણ નથી અનુભવાતી.

વંશાવલી કાઢતા જાવ અને ગોઠવતા જાઓ. એમાં બહુ જ રસ પડશે અને મજા પડશે અને જ્ઞાતિનો વંશ વારસો પણ અકબંધ રહેશે. જેઠાલાલ પોતાના પિતા ચંપકલાલનો કેટલો આદર કરે છે, એ જોયું છે ને?

**જાહેરાતદારોને નિવેદન**

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

**Note to Advertisers**

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

ડૉ. હીરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**

કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ

માનદ્‌મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા    કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

કેશરસિંહ આણંદજી ખોના    પંકજ પ્રતાપ શાહ

તિલકચંદ કુંવરજી લોડાયા    શૈલેશ સનત્ શાહ

ઉદયન લાલજી લોડાયા    કિરીટ ખેતસી શાહ

જયંત વિશનજી છેડા


**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**


**વૉલ્યુમ : ૦૩, અંક : ૨૩, તા. ૦૫-૧૦-૨૦૨૩**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer

Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti

For Mobile App Transfer
Our MMID Code : 8359011

You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.




# કચ્છ દર્શન





લેખક : સોમ ધરમશીં
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

(ભાગ : ૦૬)



**ધરતીકંપ (૨૦૦૧) પૂર્વેનું ભદ્રેશ્વરજી (વસહી મહાતીર્થી)**

ઈ. સ. ૧૯૯૭નાં ડૉંબીવલી ‘કોન્ટેક્ટ-૮૫’ આયોજિત કામણગારા કચ્છડાની યાત્રાના માનસપટ પર અંકિત દ્રશ્યોને યાદ કરી ‘કચ્છ દર્શન’ના પાના પરથી વાર્તા સ્વરૂપે માતૃભૂમિનાં ફરીથી દર્શન કરાવવાનું બિડું ઝડપ્યું છે. આ વાર્તા શુષ્ક ન બની જાય તે માટે કલ્પનાનાં રંગો પણ ભેળવવાનો છું. પણ યાદદાસ્ત ઉપરથી લખતાં ક્યાંક કોઈ સ્થળની માહિતી અધુરી અપાય કે કોઈ વ્યક્તિઓનાં નામ લેતાં ભૂલી જવાય કે તેમના વિશિષ્ટ સ્વભાવનું વર્ણન કરવામાં અતિશયોક્તિ થાય તો માફ કરશો... આ યાત્રા પૂરી થઈ એટલે જાન્યુઆરી ૦૧, ૧૯૯૮નાં રોજ મને જબરજસ્ત હાર્ટઅટેક વાપીમાં આવ્યો... પછી શું થયું... અંતમાં...

પ્રકાશ સમીક્ષાનાં તે વખતનાં તંત્રીશ્રી રાયચંદ રતનશી નાગડા (આર. આર.)એ કચ્છડો કામણગારો (૨૦૦૩) કવિ તેજ’જી સરવાણી (૨૦૦૬) લેખ લખવા પ્રોત્સાહિત કરેલ. હું એમનો સદાએ ઋણી છું. લેખમાં આપેલ પ્રસ્તુત વિગતો ‘કચ્છડો કામણગારો’ (૨૦૦૩) પર અવલંબિત છે. નહીં તો આ ઉંમરે (૮૦ વર્ષ) આટલું બધું યાદ ક્યાંથી રહે.

વર્ષ ૧૯૯૭નાં સપ્ટેમ્બર મહિનામાં ડૉંબિવલીમાં શ્રી નરેન્દ્ર શિયાળનાં નિવાસ સ્થાને કોઈ એક શનિવારની સાંજે ‘કોન્ટેક્ટ-૮૫’નાં સભ્ય મિત્રો દર વર્ષની માફક ભેગા થયા હતા.

છેલ્લા ચાર-પાંચ વર્ષથી આ ગ્રુપનાં સભ્યો નાતાલની રજામાં વિશાળ ભારતનાં કોઈ એક પ્રદેશમાં યાત્રા સહેલ ગોઠવી મુલાકાત લેતા. આ વર્ષે પણ નાતાલની રજામાં ક્યાં જવું તેની ચર્ચા-વિચારણા કરવા બધા ભેગા થયા હતા.

કેટલાક સ્થળોનાં પ્રસ્તાવ આવ્યા બાદ મેં રજુઆત કરી કે આ વર્ષે આપણે સૌ કામણગારા કચ્છડાની મુલાકાત લઈએ.

ધનપતિ ભાઈ તેમની સ્વભાવિક પ્રકૃતિના કારણે તરત જ બોલી ઉઠ્યા ‘કચ્છ’, કચ્છ તો આપણે વાર-વહેવારે, માતાને પગે લાગવા, ચાર્તુમાસ માટે પધારતા પૂ. સાધુ-સાધ્વીજીનાં પ્રવેશ નિમિત્તે કે પર્યુષણ પર્વ ઉજવવા જઈએ જ છીએ. કચ્છમાં ભુજ, માંડવી અને પંચતીર્થી સિવાય બીજુ શું જોવાનું ? પણ બાકી બધાની હા હોય તો મને વાંધો નથી.

ભાઈશ્રી તિલક મૈશેરી જે અમારી બધી યાત્રામાં સવારનાં પોરમાં ગરમા-ગરમ ચાયની વ્યવસ્થા કરતાં તેમણે પોતાનો મત રજુ કર્યો, ‘સોમભાઈ કહે છે તો ચોક્કસ કચ્છમાં કોઈક રમણીય સ્થળો જોવાનાં હશે જ ! જે આપણે જોયા નથી..!

મારા પ્રસ્તાવ પર વિચાર કરતાં શ્રી નિતિન સાયલા એ કહ્યું કે, આ ડિસેમ્બરમાં ‘હોપ ૧૦૦૦’ તરફથી પણ યુવાઓ માટે એક સંમેલનનું આયોજન છે. આપણે પણ એક ઓપન દિવસ યુવાઓ સાથે માણી શકીશું.

શ્રી રમેશ લોડાયા જે ધાર્મિકવૃત્તિનાં હતાં તેમણે પોતાનો સુર પુરાવ્યો. આપણે કચ્છમાં ફક્ત અબડાસાની પંચતીર્થીનો લાભ લઈયે છીએ, પણ ભદ્રેશ્વર વસઈ તીર્થની પંચતીર્થી કે વાગડની પંચતીર્થી ક્યાં જોઈ છે ? આ વખતે ત્યાંના જિનાલયોનો પણ સમાવેશ કરી લઈએ.

શ્રી વિપુલભાઈએ છંછેડાઈને કહ્યું ‘માફ કરજો, મારે કચ્છ જોવામાં સાત દિવસની રજા બગાડવી નથી. મારા બાળકોને પણ મજા નહીં આવે તેથી હું નહીં આવું.’

વાતાવરણ ચર્ચાને કારણે થોડુંક ગરમ થઈ ગયું. શ્રીમતી કલાવંતી નરેન્દ્રભાઈ ગુલાબ શરબતના ગ્લાસો સાથે હાજર થયા. કુ. નમ્રતા તેમના માતુશ્રીને મદદ કરવા લાગ્યા. શ્રી

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : અશોક દામજી ડાઘા-વરાડિયા(કોઈમ્બતૂર) વેધા ટેક્ષટાઈલ

રમેશ લોડાયાનો ચોવિહાર હોવાથી મેં ઠંડા મગજે બે શરબતના ગ્લાસને ન્યાય આપ્યો.

છેવટે કુલ ૩૫ સભ્યોમાંથી ૨૮ સભ્યોની 'હા' મળવાથી કચ્છ દર્શનની સહેલગાહ નક્કી થઈ. ભાઈશ્રી નવિન ટીકીટ બુકીંગનું કામકાજ કરતા હોવાથી કચ્છની આવવા-જવાની ટીકીટોનું બુકીંગ કરવાની જવાબદારી તેમને સોંપાઈ, અને ૭ દિવસની કચ્છયાત્રાનું આયોજન બનાવી સભ્યોને આપવાની જવાબદારી મેં સંભાળી.

૨૪ ડિસેમ્બરે કચ્છ માટે મુંબઈથી કચ્છ એક્સપ્રેસમાં રવાના થઈ ૧લી જાન્યુઆરીનાં મુંબઈ પાછા ફરવાનો ૭ થી ૮ દિવસનો પ્લાન બનાવી ૧૫ દિવસ પછીની મિટીંગમાં રજુ કરવાનું નક્કી થયું.

૧૫ દિવસ પછીની મિટીંગમાં કામણગારા કચ્છડાનાં પ્લાનને જોઈને ના મરજી દર્શાવેલ સભ્યોમાંથી ૪ સભ્યોએ કચ્છ આવવાની સંમતિ આપી અને કુલ્લ ૩૨ સભ્યો સાથેની ટીમ કચ્છ જવા માટે નક્કી થઈ.

છેલ્લી ક્ષણે, શ્રી મધુકર મણિલાલ મોમાયાની સુપુત્રી કવિતા જે 'હોપ-૧૦૦૦'ના યુવામિલનમાં જવાની હતી પણ સમયસર ફોર્મ ના પહોંચાડતા તેને યુવામિલનમાં પ્રવેશ ન મળતા, અને તેની સખી કુ. દિશા નિતિન સાયલા અમારી સાથે કચ્છની મુલાકાતે આવનાર છે તેની જાણકારી હોવાથી તેણે મધુકરને વાત કરી અને મધુકરભાઈએ અમારી કમીટીને કવિતાને સાથે લઈ જાવ માટે વિનંતી કરી.

કમીટીનાં સભ્યોએ જણાવ્યું કે અમારી ટીકીટો બુક થઈ ગઈ છે, રાત્રી નિવાસનાં સ્થળોએ રૂમ બુક થઈ ગયા છે.૩૨ સીટવાળી બસ પણ બુક થઈ ગઈ છે, થોડીક મુશ્કેલી પડશે સિવાય કે કોઈ કેન્શલ થાય. મારા પત્નિ જે આ મિટીંગમાં કલાવંતી સાથે રેયાણ કરવા આવેલ તેમણે કહ્યું 'મારી ટીકીટ કેન્સલ કરો. આમ પણ તમારા ભાઈ ડ્રાઈવર પાસે બેસશે અને તમારા બધાની સગવડતા સાચવવા માંથી ઉપર નહીં આવે.

તરત જ શ્રી તિલકભાઈએ આશ્વાસન આપ્યું કે હું તો એકલો જ આવવાનો છું. તેથી સોમ ભાઈની જવાબદારી હું સંભાળી લઈશ અમે બધા મળી આ વખતે તમને સહેલગાનો પુરેપુરો આનંદ માણવા દેશું.

છેવટે શ્રી રમેશ લોડાયા અને મેં કવિતાને અમારી સાથે સમાવી લેવાની જવાબદારી સ્વીકારી. કચ્છયાત્રાનાં ૩૩ સભ્યોને તા. ૨૪ ડિસેમ્બરની સાંજે મુંબઈ સેન્ટ્રલથી વિદાય આપવા કેટલાક સભ્યો આવ્યા હતા.

વિદાય આપવા આવેલ સભ્યોએ યાત્રા સુખરૂપ થાય તેવા આશીર્વાદ આપી તીર્થધામોમાં તેમના વતી ફુલ નહીં તો ફુલની પાંખડી દાનપેટીમાં નાખવાની વિનંતી કરી અને 'શ્રી અનંતનાથ દાદા કી જય'ના નાદ સાથે અમને વિદાય આપી.


લગભગ ૩૨માંથી ૧૨ સભ્યોની સીટો એક ડબ્બામાં અને ૨૦ સભ્યોની સીટો બીજા ડબ્બામાં હતી. બધા પોતાનો ગ્રુપ બનાવી બેસી ગયા અને જોતજોતામાં તો વાપી સ્ટેશન આવ્યું.

ચોવિહારની વ્યવસ્થા વાપી સ્ટેશને મારી સાથે દમણની ફેક્ટરીમાં કામ કરનાર શ્રી સુરેશ ખોના (મંજલ)એ સંભાળી હતી. ચોવિહારમાં આવેલ મેથીના થેપલા, કાજુકદમ, કોબીનું સૂકું શાક મગદાળ કચોરી, દહીં ને બધાએ પૂરતો ન્યાય આપ્યો. અમે શ્રી સુરેશ ખોનાનો આભાર માની તેમને સાલ, શ્રીફળ અને હારથી સન્માન્યા અને તેઓ વલસાડ સ્ટેશને ભાવભરી વિદાય લઈ ઉતરી ગયા. પેટપૂજા પછી સમય વિતાવવા, અંતકડી રમતા-રમતા કેટલાક ગામ-ગપાટા મારતા અમદાવાદ સ્ટેશન સુધી નિંદ્રાદેવીને વશ થઈ ગયા, તો કેટલાક 'રમી' ચાહકોએ રમી રમતા ભચાઉ, સુધીની સફર તય કરી લીધી.

કેટલાકે કચ્છમાં ખર્ચવા પૈસા ભેગા કર્યા તો કેટલાકનાં ખિસ્સા ખાલી થયા અને આમ અમારી સવારી ગાંધીધામ સ્ટેશને પહોંચી,

બધા લોકોને આપેલી સુચના મુજબ શ્રી તિલકભાઈ અને શ્રી નવિનભાઈને સામાનનો હવાલો સોંપી બાકીના ચાય નાસ્તા માટે સ્ટેશનની સામે આવેલ ઉનડોઠ વાળાના અતિથીગૃહમાં પધાર્યા અને ગરમા ગરમ જલેબી, ફાફડા, પૌઆ ને ચા-કોફીને ન્યાય આપી બસમાં ગોઠવાયા. બધાનો સામાન બરાબર ગોઠવી શ્રી તિલક-નવિનભાઈ પણ પેટપૂજા કરવા આવ્યા. (વધુ આવતા અંકે...)

**ધરતીકંપ પછીનું નવનિર્મીત શ્રી ભદ્રેશ્વરજી મહાતીર્થ**




**શબ્દ કોયડો**

# ધર્મસંદેશ - તા. ૦૫-૧૦-૨૦૨૩


રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)

મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨



**આડી ચાવીઓ :**

૧) પુરૂષોના ચરવળાની દાંડીનો આકાર ..... હોય (૨)
૨) આ ચોવીસ હોય (૩)
૩) જયવિયરાય સૂત્રમાં .... માંગણી હોય (૨)
૪) અયોધ્યાનું પ્રાચીન નામ (૩)
૫) સમવસરણનું પ્રથમ ગઢ ... નું હોય (૩)
૭) એક મહાવિગઈ (૩)
૯) વસ્તુપાલના ધર્મપત્નીનું નામ (૩)
૧૦) .... ના જીવો કુંભીમાં ઉત્પન્ન થાય (૩)
૧૧) આ સફેદ અનાજનું જૈન ધર્મમાં ખૂબજ મહત્ત્વ છે. (૩)
૧૪) શ્રીમદ્ રાજચંદ્ર રચિત ગ્રંથ (૪)
૧૫) ઓગણીસ તીર્થંકરના .... ભવ થયા છે (૨)
૧૬) નેમીનાથના સંસારીક ભાઈ (૪)
૧૮) હમણાં હમણાં નવકારના .... નો મહિમા ખૂબજ વધી ગયો છે (૨)
૨૨) કચ્છના આ ગામમાં ચંદ્રપ્રભુનું જીનાલય છે (૨)
૨૩) ગુજરાતનું આદીનાથનું તીર્થ (૨)
૨૪) પ્રભુનો એક શણગાર (૩)
૨૫) બધા .... નું લોહી સફેદ હોય (૪)
૨૮) જૈનોમાં આ યાત્રાનું ખૂબજ મહત્ત્વ છે (૨)
૨૯) લોગસ્સમાં ફક્ત એક તિર્થંકરનું નામ ..... વાર આવે છે (૧)
૩૦) એક ચક્રવર્તી તથા અનંતનાથના ગણધર (૪)

**ઊભી ચાવીઓ :**

૧) મહાવીર સ્વામી ગૌતમ સ્વામીને આ નામથી બોલાવતા (૩)
૨) રાજસ્થાનનું તીર્થ જ્યાં આર્યરક્ષિતનો જન્મ થયો હતો (૩)
૩) કનકરથ રાજાને અમાન્ય પુત્ર હતો (૫)
૪) મુંબઈમાં આ પરામાં અગાશી તીર્થ આવેલ છે (૩)
૬) અષ્ટપ્રકારી એક પૂજા (૨)
૮) પ્રભુ (૪)
૧૧) અણસઠ .... એના જાણો, અણસઠ તીરથ સાર (૩)
૧૨) પર્યુષણ એ .....નું પર્વ છે (૨)
૧૩) સુમતીનાથનું તાલધ્વજગિરિ તીર્થ આ ગામમાં આવેલ પહાડ ઉપર છે (૩)
૧૬) પંદરમું પાપ સ્થાનક (૫)
૧૭) મલ્લીનાથનું જન્મ સ્થળ (૩)
૧૯) કારતકી પૂનમના દરેક જીનાલયમાં શત્રુંજયના .... ના દર્શન હોય (૨)
૨૦) દાઢી મૂછનો લોચ ન થયો હોય તેવા પ્રભુ (૪)
૨૧) દેરાસરમાં વપરાતી એક સામગ્રી (૩)
૨૪) ૧૦૮માંના એક પાર્શ્વનાથ (૩)
૨૬) બે .... જોડી ગુરૂ ભગવંતોને વંદન કરો (૨)
૨૭) પૂનામાં આવેલ આ આકારનું સંભવનાથનું જીનાલય (૨)

**ધર્મસંદેશ - ૨૦.૦૯.૨૦૨૩ના જવાબો : આડી ચાવીઓ :** (૧) નંદીશ્વરદીપ (૪) મહાવીર (૬) વદ (૭) કળશા (૮) સેવા (૧૦) ઈંદ્ર (૧૧) નવ (૧૨) નયસાર (૧૪) વીભુ (૧૫) ચારૂપ (૧૬) ચાર (૧૮) દરિયો (૨૧) સરસ્વતી (૨૨) લેપ (૨૩) આરતી (૨૫) ફૂલ (૨૬) મૃષાવાદ (૨૭) મુખકોષ. **ઊભી ચાવીઓ :** (૧) નંદાવર્ત (૨) રક્ષક (૩) પતાશા (૪) મણીભદ્રવીર (૫) વીરસેન (૮અ) વાવ (૯) જ્ઞાનપદ (૧૩) સાથિયો (૧૫) ચાડી (૧૬)ચામર (૧૭) અમૃતવેલની (૧૯) અતીત (૨૦) રૂપકોષા (૨૧) સતી (૨૩) આનંદ (૨૪) નખ.

# ક.દ.ઓ. જ્ઞાતિના તપસ્વીઓની ખૂબ ખૂબ અનુમોદના

| ક્રમ | તપસ્વીનું નામ | ગામ/હાલે | તપસ્યા |
|---|---|---|---|
| ૧. | અ.સૌ. હેતલ કમલેશ પોલડીયા | બાયઠ/પાચોરા | વર્ષીતપ |
| ૨. | કમલેશ ખુશાલચંદ પોલડીયા | બાયઠ/પાચોરા | સિધ્ધિતપ |
| ૩. | અ.સૌ. તૃપ્તી રાજેશ ખોના | જખૌ/પાચોરા | સિધ્ધિતપ |
| ૪. | સલોની નવીન દામજી ધ્રોળ | સાંયરા/કોટડા મહાદેવ | દસ ઉપવાસ |
| ૫. | પ્રિતી નીતીન દામજી ધ્રોળ | સાંયરા/કોટડા મહાદેવ | અઠ્ઠાઈ |
| ૬. | સંકેત નીતીન દામજી ધ્રોળ | સાંયરા/કોટડા મહાદેવ | અઠ્ઠાઈ |
| ૭. | ચિંતન નીતીન દામજી ધ્રોળ | સાંયરા/કોટડા મહાદેવ | અઠ્ઠાઈ |
| ૮. | પીંકેશભાઈ નાગડા | નલીયા | અઠ્ઠાઈ |
| ૯. | અ.સૌ. ઊર્વશી ગિરીશ (નાગડા)મોર | પાચોરા | અઠ્ઠાઈ |
| ૧૦. | ચિ. કુ. પુજા મહેન્દ્ર મોતા | નલીયા/પાચોરા | અઠ્ઠાઈ |
| ૧૧. | ચિ. કુ. નિધિ અભય લોડાયા | કોઠારા/પાચોરા | અઠ્ઠાઈ |
| ૧૨. | શ્રી વિમલ લાલજી લોડાયા | કોઠારા/પાચોરા | અઠ્ઠમ તપ |
| ૧૩. | ચિ. કુ. દિવ્યા કમલેશ પોલડિયા | બાયઠ/પાચોરા | અઠ્ઠમ તપ |
| ૧૪. | ચિ. નિતેશ રાજેશ ખોના | જખૌ/પાચોરા | છઠ્ઠ તપ |

નામ, ગામ કે વિગતમાં શરતચૂકથી કોઈ ભૂલ થઈ હોય તો મિચ્છામિ દુક્કડમ્

સંકલન : **હેમાંગ શાહ-મો.:૯૯૨૦૬ ૪૬૮૪૬**


SHRI K.D.O JAIN GNATI MAHAJAN
Shri. K.D.O Bhavan
ROOMS AVAILABLE
A/C & NON A/C ROOMS
LIFT ACCESS
VEG RESTAURANT NEARBY

TOURIST ATTRACTIONS
1. Isha Yoga
2. Ooty
3. Kodaikanal
4. Munnar




ADDRESS
#5, Bharti Park, Road no 4, Sai baba Colony, Coimbatore-641011
Near world famous Orthopedic Ganga hospital

FOR BOOKING Mr. Jayesh Shah - +91-8148423822

Pradip R Lodaya
President
+91 98430 20776

Manish P Momaya
Secretary
+91 89033 89033



# અનુમોદના
Tapasvi Amar Raho



Heartiest congratulations to
**Chi. Tarleen Pankaj Dand**
(Tarleen Shaibal Ghosh)
for completing choviyar athayi tap.
God bless you with lots of prosperity and good health

**Mami : Heena Shibal Ghosh**
**Choti Mami : Vanita Virchand Dand**
**Brother : Harshit and Harsh**
**Khoob Khoob Anumodna. Satama rehjho.**

Current Residence :- Boston USA
Residence :- Ghatkopar, Native Place : Bayath Kutch Gujarat
Contact No. : 9757015487 (Vanita Dand)

Regards
**Dand and Ghosh Family**

આરોગ્ય પ્રકાશ

# આરોગ્ય વિશે ઉપયોગી માહિતી

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**



૧) વજન ઘટાડવા આદુનો ઉયોગ : આદુમાં થર્મોજેનિક તત્તવ હોય છે જે ચરબી બાળવામાં મદદ કરે છે. નવસેકા પાણી સાથે આદુનું સેવન કરવાથી વજન ઘટે છે. લીંબુ અને એક ચમચી આદુનો રસ લેવાથી પણ વજન ઘટે છે. સૂંઠની ફાકી (અથાણાની નાની ચમચી) મોંમા લઈ સાથે નવસેકું પાણી પીવાથી અન્ન પચે છે અને ખોટી ચરબી શરીરમાં જમા થતી નથી. આદુનું ડીટોક્સ પાણી બનાવવા માટે ૧ મોટી ચમચી આદુનો રસ અને ૩ મોટી ચમચી લીંબુનો રસ આશરે એક લીટર પાણીમાં ભેળવી કાચની કે સ્ટીલની બોટલમાં રાખવું. આ જ પાણીનો દિવસ દરમ્યાન ઉપયોગ કરવો, આનાથી શરીર ડિટોક્સ થશે. આદુમાં વિટામીન એ, ડી, આયર્ન, ઝીંક, કેલશ્યમ ભરપૂર માત્રામાં હોય છે. આદુ શરદી, ઉધરસ વાયરલ ઈન્ફેક્શનથી બચાવે, પાચનતંત્ર મજબૂત કરે, પેટમાં દુઃખાવો કે ખેંચાણ માટે ફાયદાકારી, માયગ્રેનની તકલીફવાળાએ પણ રોજ આદુનું સેવન કરવું. થાક દૂર કરે, કોલેસ્ટ્રોલ ઓછું કરે, બી.પી. અને હૃદય માટે આદુ ફાયદાકારક.

૨) ચોકલેટ કેડબરી વિશે માહિતી : સૌને ચોકલેટ અને કેડબરી બહુ ભાવે એટલે દરેક તે ખાવા લલચાય, પણ બજારમાં મળતી ચોકલેટ હાનિકારક હોય છે. કેમકે એમાં સાકર અને પ્રીઝર્વેટીવ વધુ પ્રમાણમાં હોય છે, રંગ અને સ્વાદ માટે કેમિકલ્સ, મિલ્ક સોલિડ્સ, અમુક પ્રકારના હાઈડ્રોજીનેટેડ ઓઈલ, ફ્લેવર્સ, બીનજરૂરી ફેટ્સ, કલર વગેરે નખાય છે. આ બધી જ વસ્તુઓ આરોગ્યને નુકશાન કરે છે. કેડબરી જલ્દી પીગળે નહીં તે અર્થે તેમાં થીકનીંગ એજન્ટ ઉમેરાય અને સાકરને બદલે આર્ટીફીસીયલ સ્વીટનર્સ, સેકરીન જેવી વસ્તુઓનો ઉપયોગ થાય છે. આ સર્વ ખરાબી જાણી લીધા પછી બાળકોને કેડબરી અને ચોકલેટ આપવાનું મન જ નહીં થાય. આ બાળકોને પ્રિય વસ્તુ છે, તેથી કોકો પાવડર, ડાર્ક ચોકલેટ (જે આરોગ્ય માટે સારી છે) તેનો ઉપયોગ દૂધ પાવડર સાથે કરી, ખડી સાકરનો ઉપયોગ કરી ઘરે જ બનાવી બાળકોને અપાય તો ઉત્તમ છે. જેથી ફાયદાકારી અને ગુણકારી વસ્તુથી બનાવેલ કેડબરીનો બાળકો આનંદ અને ફાયદો બન્ને લઈ શકે. એ પણ ૧ કે ૨ ટૂકડા જ અપાય. કેડબરી રાતના બાળકને ખાવા ન આપતા દિવસે જ આપવી. અને તેમાંની ચિકાશ, સાકર દાંતમાં ચોંટી દાંતને નુકશાન ન કરે તે માટે દાંત સાફ કરવા જરૂર કહેવું. બાળકોને દૂધ પીવું ભાવે તે માટે આપણે કેડબરી ફ્લેવર બજારૂ પાવડર દૂધમાં ભેળવીએ તેના કરતા કોકો પાવડર કે ડાર્ક ચોકલેટ વાપરો. સાકરને બદલે ખજુરવાળું દૂધ આપો. ખજુર બાળકો માટે ખૂબ ગુણકારી છે.

૩) આયોડીનની ઉણપ-થાયરોઈડ : દરરોજ ૯૦ થી ૧૨૦ માઈક્રોગ્રામ આયોડીન મળવું જરૂરી છે. આયોડીનની ઉણપથી થાયરોઈડની સમસ્યા થાય. ચપળતા નષ્ટ થાય, આળસ વધે, ચયાપચયની ક્રિયામાં બાધા આવે. આવા દર્દીએ રીફાઈન્ડ (તેલ, અનાજ વગેરે) ચીજો બંધ કરવી. અનાનસ, સફરજન, શીંગોડા, બટેટાની છાલ, મશરૂમ, પાલક, મોરસભાજી, તલ અને કમળ-દાંડીમાંથી આયોડીન વધુ મળે તેથી તેનો ઉપયોગ કરવો અને ફાયદો મેળવવો.

૪) હુન્ઝા લોકોનું લાંબુ નિરોગી આયુષ્ય : પાકિસ્તાનના ઉત્તર-પશ્ચિમી પહાડી વિસ્તારોમાં હુન્ઝા જાતિના લોકો વસે છે, જેમનું સરેરાશ આયુષ્ય ૧૨૦ વર્ષનું છે. ૭૦ વર્ષે પણ યુવાન દેખાય છે. આવી સરસ તંદુરસ્તી તેમની જીવનશૈલીને લીધે છે. દિવસમાં ફક્ત બે જ વખત ખોરાક લે છે. ખોરાક પણ સંપૂર્ણપણે કુદરતી, રસાયણ રહિત, ફળ, દૂધ-માખણ બધું શુદ્ધ, ખેતરમાં જંતુનાશકના વપરાશ પર સંપૂર્ણ પ્રતિબંધ છે. જવ, બાજરી, બટાટા, વટાણા, ગાજર, સલગમ, દૂધી વગેરે જ ખાય. સવારે ૫ વાગે ઉઠી પગપાળા ઘણી મુસાફરી કરે છે. તડકામાં સુકવેલા અખરોટ, બદામ અને જરદાલુ (જરદાલુમાં ૧૭ ઉપયોગી તત્ત્વો જે એક પ્રકારના એન્ટી-કાર્સિનોજેનીક છે. અર્થાત્ આ તત્ત્વો કેન્સર થતું અટકાવે) નો ખાવામાં ખૂબ ઉપયોગ કરે છે. આ લોકો વર્ષમાં ૨-૩ મહિના અનાજ ખાતા નથી. ફક્ત ફળ અને શાકભાજીનો ઉપયોગ કરે છે અને વધુ ચાલતા રહે છે.

૫) સલાડ વિશે સમજણ : વિટામીનો, ખનિજ તત્ત્વો અને રેસા-ફાયબર માટે સલાડ ખૂબજ મહત્ત્વના છે. ફળ, ડ્રાયફ્રૂટની જેમ અનાજ, દાળ, કઠોળ શક્તિ અને બળ માટે જરૂરી છે, પણ આપણા ખોરાકમાં ફળ અને શાકભાજીનું પ્રમાણ ૫૦% થી વધુ હોવું જરૂરી છે. ફળ જલ્દી પચે છે તેથી

તે જમવાના અડધા કલાક અગાઉ ખાવા જોઈએ. રાંધેલું અનાજ અને કાચા શાકભાજી એક સાથે ખાવાથી મેટાબોલીઝમ બગડી શકે, તેથી જમવાની શરૂઆત કાકડી, ટમેટા, કેપ્સીકમ, ગાજરમાં મીઠું કે કાંઈ ઉમેર્યા વગર કરવી. શિયાળામાં કોબી, કંદ ખાવા સારા પણ તે જ ચોમાસામાં ખાવા સારા નહિં. ગાજર કાચા ખાવા ઉત્તમ પણ હાઈબ્રીડ નહિં. શાકભાજીને ચોમાસામાં સારી રીતે સાફ કરી ખાવા નહીં તો પેટનું ઈન્ફેક્શન થઈ શકે. બારેમાસ ખાવા જેવા શાકભાજીમાં દૂધી, પરવળ, સફેદ અને કેસરી કોળું છે. શાકભાજીને સુધારી, છીણી કે પતિકા કરી કાચા ખાવા ઉત્તમ, પણ જો કોઈને તેનાથી વધુ ગેસ થાય કે ઓડકાર આવે તો અધકચરા શેકી-રાંધી લેવા. હીંગ, રાઈ, જીરૂ અને લીમડાનો વઘાર સ્વાદ વધારશે, પચશે જલ્દી અને ગેસપણ નહીં થાય. આમ સલાડ ભોજન સાથે ન ખાતા શરૂમાં જ્યારે પાચક-રસો ઝરેલા હોય, ભૂખ લાગી હોય ત્યારે શરૂમાં જ ખાઈ લેવા. બિલ્કુલ બેઠાડુ જીવન હોય કે અતિ મંદ જઠરાગ્નિ હોય તેને સલાડ પચતું નથી અને ફાયદાને બદલે નુકશાન કરે છે. સલાડને ડ્રેસીંગ કરવામાં વપરાતું ઑલીવ ઑઈલ, બટર, ચીઝ વગેરે લીધે જલ્દી પચશે નહિં અને નુકશાનકર્તા બનશે.


|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ નમઃ ||

**કૃણાલ : ૭૨૨૧૦ ૭૨૧૦૭ / ૭૨૦૮૧ ૪૯૭૨૫**

**ગાય અને ભેંસનું શુધ્ધ ઘી**

**સ્વાદ લિજ્જતદાર - સુગંધ ખુશ્બુદાર**
**એક વાર ખાશો તો માંગશો વારંવાર**

**વિરમગામનાં પ્રખ્યાત જૈન દુગ્ધાલયનું**
**શુધ્ધ ઘી હવે મળશે મુંબઈમાં**
**તમારા ઘર આંગણે**



એક કિલો
પાંચ કિલો અને
પંદર કિલોમાં ઉપલબ્ધ

**ફ્રી**
**હોમ ડિલીવરી**



**હોલસેલ અને**
**રિટેલમાં ઉપલબ્ધ**



**મિચ્છામી દુક્કડમ્ - મિચ્છામી દુક્કડમ્**
**મહાવીર સારીઝ (સાંતાક્રુઝ - W)**

**અમારા માનવંતા ગ્રાહકો.** પર્યુષણ પર્વ દરમ્યાન નાની મોટી તપસ્યા કરી હોય એ બધા તમે શાંતામાં હશો? બધાને અમારા તરફથી મિચ્છામી દુક્કડમ્. વર્ષ દરમ્યાન અમારાથી કાંઇ ભુલચુક થઇ હોય, વર્ષ દરમ્યાન તમને તમારી જુની સાચી જરીના પૈસા વધારે અપાઇ ગયા હોય, અમને ભલે નુકશાન થયું હોય તો પણ મિચ્છામી દુક્કડ્મ. પણ તમે ચીંતા કરતાં નહીં, કારણ કે ઘી ઢોળાયું તો પણ ખીચડીમાં... અમારી બહેનોને વધારે ફાયદો થાય એ સિધ્ધાંત પર ચાલનારી મુંબઇની એક માત્ર દુકાન... **'પાંજી દુકાન'**

- જુની સાચી જરીની સાડી-ચણીયા-ચોળી
- જુના સાચી જરીના ઘરચોળા-બોર્ડર-બ્લા
- સાચી જરીના સેલા-કાંજીવરમ-પૈઠણી
- સાચી જરીની બટકસબ તથા આરી વર્કની સાડી- ચણીયા ચોળી
- છુટ્ટી સાચી જરીની ટીકી-સુરમો-કસબ-ઘુઘરી
- સાચી જરીના દેરાસર તથા માતાજીના મંદીરમાં ચંદરવા - પોઠીયા
- આજે જ અમારી દુકાને વેંચવા લઇ આવો ને રોકડા પૈસા લઇ જાઓ.
- બીજે ક્યાંય જતાં પહેલા અવશ્ય અમારા શો-રૂમની મુલાકાત લો.
- ઘર બેઠાં તમારી જુની સાચી જરીના માલની રોકડી કરો. ફક્ત એક ફોન કરો અમે તમારી સેવામાં હાજર.

**મહાવીર સારીઝ, મોદી ચાલ, Shop No.2, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ - (W), Opp. "SEASONS" શો-રૂમ (રવિવાર બંધ)**
**M.: 9137146272 / 9619554801.**


**લગ્ન સંબંધી**

ક.દ.ઓ. જ્ઞાતીના
૩૪ વર્ષીય બહારગામ સ્થિર,
સ્વતંત્ર ધંધો ધરાવનાર
ડાયવર્સી યુવક માટે
કુંવારી તથા ડાયવર્સી
બહારગામ સ્થિર થવા
માંગતી યુવતીના વાલીઓ
એ સંપર્ક કરવો.

-: સંપર્ક :-
મો.૦૯૯૨૩૪૭૦૯૫૧

ૐ હ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાયઃ નમઃ

# આત્માને પરમાત્મા બનાવવા ઝંકૃત કરતું આચાર્ય શ્રી કવિવીરનું યાદગાર યશસ્વી શંખેશ્વરનું ચાતુર્માસ

શંખેશ્વરના ચાતુર્માસની પૂ.આચાર્ય શ્રી કવિન્દ્રસૂરીને ઘણી ખમ્મા! ઘણી ખમ્મા !!

હા... હા... હો... હો... હો... (૨)

સદ્‌ભાવનાના અંકુર ફૂટ્યા ભૂજના વર્ધમાન નગરમાં,
ફૂલ્યા ૨૭ ફૂટના સુવર્ણપાર્શ્વની પ્રતિમાવાળી વિશાળ હાલારી વાડીમાં,
દિલેર દાનવીરોના ધોધથી... વટવૃક્ષ બની ઈતિહાસ સોનેરી સર્જાયો,
જામનગરના વોરા પરિવાર તથા સહુ દાતા પરિવારોને ઘણી ખમ્મા! ઘણી ખમ્મા!!

હા... હા... હો... હો... હો... (૨)

૨૩મી સાલે, ૨૩મા પાર્શ્વની ભૂમિએ, પૂ. ગુરૂદેવના ૨૩મા વર્ષીતપનો સંગમ રચાયો,
પુ. કલ્પતરૂની પ્રભાવશાળી વાણીથી, ઉગ્ર તપશ્ચર્યાનો માહોલ બન્યો સવાયો,
ધન્ય ધરા પર સામુહિક ઉત્કૃષ્ટ સંકલ્પ ભક્તિથી સૌનો આત્મા જાગ્યો,
વ્યવહારકુશળ પૂ. શ્રી. કલ્પતરૂની ગુરૂભક્તિને ઘણી ખમ્મા! ઘણી ખમ્મા!!

હા... હા... હો... હો... હો... (૨)

૨૭૮ પ્રતિમાઓનો અઢાર અભિષેક વીરજન્મોત્સવ ભવ્ય આંગી રચાતી,
સ્નાત્ર, સિદ્ધચક્ર, મંગલકારી સર્વે પ્રભુની દર્શનપૂજા દિલને ભાષિત કરતી,
ચામર નૃત્યની મસ્તી, શ્રેષ્ઠ કલાકારોની હસ્તી, સૌને મંત્રમુગ્ધ કરતી,
સંગીતની સૂરાવલી ચાર ચાંદ લગાવતી! નીતીન જાનીની મંડળીને ઘણી ખમ્મા! ઘણી ખમ્મા!

હા... હા... હો... હો... હો... (૨)

૫૬ ભોગ ધરાવતી ભોજનની થાળી નીત નવા વ્યંજનોથી સ્વાદિષ્ટભરી,
ધોબીઘાટની ધુલાઈ તથા ઈસ્ત્રી સહિત ઢગલાબંધ વ્યવસ્થિત કામગીરી,
નિર્વિઘ્ને શાંતિ સ્વચ્છતાભરી, વ્યવસ્થિત કાર્યપદ્ધતિ જાહોજલાલી લબ્ધિભરી,
સંનિષ્ઠ, વિવેકી કાર્યદક્ષ શ્રી કીર્તિભાઈ, હિરેનભાઈ, નરેશભાઈ, ધીરજભાઈ
તથા સર્વે કાર્યકરોને ઘણી ખમ્મા! ઘણી ખમ્મા!!

હા... હા... હો... હો... હો... (૨)

દીર્ઘદષ્ટા, મંત્રસિદ્ધ ગુરૂદેવની નિશ્રામાં દિવ્ય પરમાત્માના સાંનિધ્યમાં,
૪૦૦ સાધકોએ ધન્યતા અનુભવી છે રોજેરોજ પુણ્યશાળી થવામાં,
લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી દેવદ્રવ્ય-સાધારણની તિજોરીઓ છલકાવવામાં,
શ્રેષ્ઠતમ પ્રભાવવાના દાતા મા. મૃદુલાબેન તથા સદૈવ કાર્યશીલ,
મા. ઝવેરબેન, વનિતાબેન તથા કુંવરબેનને ઘણી ખમ્મા! ઘણી ખમ્મા!!

હા... હા... હો... હો... હો... (૨)

જાગો! અચલગચ્છના સૌ કચ્છી સંઘો જાગો!!!
ભલે ચડો ઊંચા ગિરિરાજો પણ સૌને ફાવે એવા ચાર પગથિયા ચડી પ્રભુને ભેટો,
અદ્‌ભૂત દિવ્ય દર્શન દેતા શ્રી શંખેશ્વર દાદાને રોજેરોજ ભેટો,
૯૦૦ વર્ષ બાદ આચાર્યની નિશ્રામાં આપણો સંઘ શંખેશ્વર પધાર્યો છે,
ઈતિહાસે કરવટ બદલી અનેરો માહોલ ઉજાગર કર્યો છે!!!

હા... હા... હો... હો... હો... (૨)

**રચયિતા : શ્રીમતી ખમા ધર્મેન્દ્ર નાગડા** જખૌ(માટુંગા)-૯૩૨૪૦ ૧૩૬૮૦

|| શ્રી કુંથુનાથાય નમઃ || || શ્રી સુમતિનાથાય નમઃ || || શ્રી નેમિનાથાય નમઃ || || શ્રી અનંતનાથાય નમઃ || || શ્રી સુપાર્શ્વનાથાય નમઃ ||

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - ટ્રસ્ટ, મોટી સિંધોડી
# શ્રી નેમિનાથ નૂતન જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ

**સ્થાનિક કાર્યાલય :** મુ.પો. મોટી સિંધોડી, તા. અબડાસા, જિ. કચ્છ - ૩૭૦ ૬૪૦. ફોન : **91676 87098**
**મહોત્સવ કાર્યાલય :** C/o. મુકેશ લોડાયા, ચિંતન ગ્રાફિક્સ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ચોક, ૯૦ ફીટ ગેરેજ લેન, પંતનગર, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૭૫. મો.: **98211 54326**

**સુજ્ઞ ગામવાસી જ્ઞાતિજનો તથા નિયાણી બહેનો સપરિવાર,**

મોટી સિંધોડી નગરે, નૂતન જિનાલયમાં શ્રી નેમિનાથ દાદાની પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે શાનદાર ઉજવણી **તા. ૨૬-૦૨-૨૦૨૪ થી તા. ૦૧-૦૩-૨૦૨૪** દરમિયાન સ્થાનિકે પધારવા સર્વે ભાગ્યશાળી પરિવારજનોને સહર્ષ આમંત્રણ પાઠવીએ છીએ અને તે માટે નીચે આપેલ ફોર્મ ભરવું જરૂરી જ છે.

જય જિનેન્દ્ર,

હું શ્રી/શ્રીમતી ______________________________ મોટી સિંધોડી તા. ૨૬-૦૨-૨૦૨૪ થી તા. ૦૧-૦૩-૨૦૨૪ દરમ્યાન યોજાનાર પંચાન્હિકા મહોત્સવમાં હાજરી આપવા ઇચ્છુ છું. કૃપા કરીને મારી નીચે મુજબની સહમતી સ્વીકારશોજી. (નીચે આપેલ બોક્સ (ચોરસ) માં ✓ અથવા X ની નિશાની કરવાની રહેશે.)

૧) હું મારા વાહનથી મોટી સિંધોડી પહોંચીશ. ☐
૨) રહેવાની વ્યવસ્થા મહોત્સવ સમિતિ દ્વારા વહેલા તે પહેલા ના ધોરણે કરવામાં આવશે જે અમને માન્ય રહેશે. ☐
૩) મહોત્સવ દરમ્યાન અમારી રહેવાની વ્યવસ્થા અમે સ્વયં કરીશું. ☐

| ક્ર. | નામ | ઉંમર | મોબાઈલ | કઈ સમિતિમાં જોડાશો |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |

**વિવિધ સમિતિઓ : રજીસ્ટ્રેશન, સ્વાગત, ઉદ્‌બોધન, ભોજન, વૈયાવચ્ચ, આવાસ, વાહન વ્યવસ્થા, વૈદ્યકીય, હિસાબ કિતાબ, સ્થાનિક વ્યવસ્થા, ધાર્મિક વ્યવસ્થા, સાંસ્કૃતિક, મહિલા સમિતી, રથયાત્રા વગેરે...**

**નોંધ :** ● તા. ૨૭-૦૨-૨૦૨૪ થી તા. ૨૯-૦૨-૨૦૨૪ સુધી (ત્રણ દિવસ માટે) વાહનની વ્યવસ્થા **'સામુહિક ધોરણે'** શ્રી સંઘ તરફથી કરવામાં આવશે. ● તા. ૨૬-૦૨-૨૦૨૪ અને તા. ૦૧-૦૩-૨૦૨૪ એમ બે દિવસ વાહનની વ્યવસ્થા પોતાની રીતે કરવાની રહેશે. ● તા. ૨૫-૦૨-૨૦૨૪ ની ટિકિટ બુકીંગ તા. ૨૯-૧૦-૨૦૨૩ થી શરૂ થશે. આવવા-જવાની ટિકિટો પોતાની રીતે કઢાવવાની રહેશે. ● ટિકિટની ઝેરોક્ષ અને ફોર્મ તા. ૧૧-૧૧-૨૦૨૩ સુધી પોસ્ટ, કુરીઅર, વોટસએપ નં. **98336 64426** કે ઈમેલ દ્વારા chintangraphics08@gmail.com પર મોકલવા વિનંતી. ● તમે કઈ સમિતિમાં કામ કરવાનું પસંદ કરશો, તે ઉપર આપેલ બોક્સમાં જણાવવા વિનંતી. ● આવનાર દરેકે નાની મોટી વ્યક્તિની (નાના બાળકો સહીત) નોંધ ફોર્મમાં કરવાની રહેશે. ● આ ફોર્મ સ્વચ્છ અક્ષરે અને સંપૂર્ણ વિગત ભરીને રજુ કરવાનું રહેશે. ● **ફોર્મ તા. ૧૧/૧૧/૨૦૨૩ સુધી ભરી મોકલી આપવાના રહેશે.**

______________________________
ફોર્મ ભરનાર મુખ્ય વ્યક્તિનું નામ

વધુ વિગત માટે સંપર્ક :

**પ્રમુખ : અ.સૌ. હર્ષાબેન શાહ - 98692 48303, માનદ્‌મંત્રી : શ્રી હરીશભાઈ મોમાયા - 98202 85781, શ્રી લહેરચંદભાઈ મૈશેરી - 98331 56066**

।। શ્રી કુંથુનાથાય નમઃ ।। ।। શ્રી નેમિનાથાય નમઃ ।। ।। શ્રી સુપાર્શ્વનાથાય નમઃ ।।

।। શ્રી સુમતિનાથાય નમઃ ।। ।। શ્રી અનંતનાથાય નમઃ ।।

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - ટ્રસ્ટ, મોટી સિંધોડી
## શ્રી નેમિનાથ નૂતન જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ

**સ્થાનિક કાર્યાલય :** મુ.પો. મોટી સિંધોડી, તા. અબડાસા, જિ. કચ્છ - ૩૭૦ ૬૪૦. ફોન : 91676 87098

**મહોત્સવ કાર્યાલય :** C/o. મુકેશ લોડાયા, ચિંતન ગ્રાફિક્સ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ચોક, ૯૦ ફીટ ગેરેજ લેન, પંતનગર, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૭૫. મો.: 98211 54326

# આગોતરું આમંત્રણ

દેવાધિદેવ ! મનનાં મંદિર મહીં, ભક્તિના પબાસણે,
ભાવનાના પુષ્પ લઈ, સમર્પણના ધૂપ લઈ,
વિધિ શુદ્ધિના અક્ષતની સાક્ષીએ મારા પ્રાણનાથ... દાદા નેમિનાથ ને
બિરાજમાન કરવા છે, અમે નૂતન જિનાલયમાં આપની પ્રતિષ્ઠા કરીશું...

*: દિવ્ય આશિષ :*

રાષ્ટ્રસંત-ભારત દિવાકર,
શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ
પ.પૂ. આ.ભ.
**શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**

*: દિવ્ય આશિષ - પ્રેરણાસ્રોત :*

તપચક્ર ચક્રવર્તી
અચલગચ્છાધિપતિ
પ.પૂ. આ.ભ.
**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

*: આજ્ઞા આશિષ - નિશ્રા દાતા :*

સાહિત્ય દિવાકર
રાજસ્થાન દિપક, અચલગચ્છાધિપતિ
પ.પૂ. આ.ભ.
**શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**

સરળ સ્વભાવી, ૨૩ વર્ષીતપના આરાધક
પ.પૂ. આ.ભ.
**શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**

દિવ્યઆશિષ : જ્યોતિષાચાર્ય
પ.પૂ. આ.ભ.
**શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**

આગમ દિવાકર, પ્રશમ રસનિધિ,
પ.પૂ. આ.ભ.
**શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**


વિધિકાર : નવકાર રત્ન, ૨૭-૨૭ વરસી તપના આરાધક શ્રી નરેન્દ્રભાઈ નંદુ, કચવન્ન, જય, મેઘ નંદુ અને સંગીતકાર સહ

## સમગ્ર કચ્છમાં મૂળનાયક તરીકે શ્રી નેમિનાથ દાદાની પ્રાચીન પ્રતિમાનું એક માત્ર જિનાલય

**Pratishtha Mahotsav**
Monday to Friday
Dt. 26 Feb. to 01 March
2024

સાહિત્ય દિવાકર, રાજસ્થાન દિપક, અચલગચ્છાધિપતિ
**પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**
આદિઠાણા તથા
અચલગચ્છના તમામ શ્રમણ-શ્રમણી ભગવંતોને વિનંતી કરેલ છે.
પોતાની અનુકુળતાએ પધારી શુભ નિશ્રા પ્રદાન કરશે.

**પ્રતિષ્ઠા મહોત્સવ**
સોમવાર થી શુક્રવાર
તા. ૨૬ ફેબ્રુઆરી થી તા. ૧ માર્ચ
૨૦૨૪






-: નિમંત્રકઃ-

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - ટ્રસ્ટ, મોટી સિંધોડી
## શ્રી નેમિનાથ નૂતન જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ
## ટ્રસ્ટીગણ, પદાધિકારીઓ અને કારોબારી સભ્યો

# શ્રી કચ્છી દશા ઓશવાલ સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ

આ વરસના પર્યુષણ પર્વ દરમ્યાન ગામવાસીઓ તથા દેશાવર વસતા દરેક ભાઈ-બહેનોએ બહુજ હર્ષ તથા ઉલ્લાસથી પર્વની રૂડી રીતે ઉજવણી કરી તથા ગામવાસીઓએ ઉછળતા ભાવે સાથ આપેલ તેની નામાવલી નીચે મુજબ છે.

## પર્યુષણ પર્વ ૨૦૨૩-૨૪ના સાધાર્મિક ભક્તિના દાતાની નામાવલી

| તારીખ | લાભ | દાતા પરિવારનું નામ | રહેઠાણ |
|---|---|---|---|
| ૧૪.૮.૨૩ | નવકાશી | માતુશ્રી લીલાવતી સુરેશ દંડ | મુલુંડ |
| ૧૫.૮.૨૩ | નવકાશી | માતુશ્રી લીલાવંતી જયંતીલાલ દૌલત | ડોંબિવલી |
| ૧૬.૮.૨૩ | નવકાશી | માતુશ્રી જયવંતીબેન મુલચંદ દંડ | સાંતાક્રુઝ |
| | બપોરની ચા | માતુશ્રી જયવંતીબેન મુલચંદ દંડ | સાંતાક્રુઝ |
| | ચૌવિહાર | માતુશ્રી જયવંતીબેન મુલચંદ દંડ | સાંતાક્રુઝ |
| ૧૭.૮.૨૩ | નવકાશી | માતુશ્રી મધુબેન પ્રવીણ વીરજી દંડ | મુલુંડ |
| | બપોરનું જમણ | માતુશ્રી નવલબેન મણીલાલ દંડ | મુલુંડ |
| | બપોરની ચા | માતુશ્રી નવલબેન મણીલાલ દંડ | મુલુંડ |
| | ચૌવિહાર | માતુશ્રી નવલબેન મણીલાલ દંડ | મુલુંડ |
| ૧૮.૮.૨૩ | નવકાશી | માતુશ્રી મણીબાઈ જેતશી ગોવિંદજી દંડ | ઘાટકોપર |
| | બપોરનું જમણ | માતુશ્રી મણીબાઈ જેતશી ગોવિંદજી દંડ | ઘાટકોપર |
| | બપોરની ચા | માતુશ્રી મણીબાઈ જેતશી ગોવિંદજી દંડ | ઘાટકોપર |
| | ચૌવિહાર | માતુશ્રી મણીબાઈ જેતશી ગોવિંદજી દંડ | ઘાટકોપર |
| ૧૯.૮.૨૩ | નવકાશી | માતુશ્રી મુરબાઈ ધનજી પદમશી દંડ | ભાયખલા |
| | ચૌવિહાર | માતુશ્રી રંજનબેન રામજી પદમશી દંડ | ચિત્તોડગઢ |
| ૨૦.૮.૨૩ | નવકાશી | માતુશ્રી નવલબેન જેઠાલાલ દંડ પરિવાર | મુલુંડ |
| | બપોરનું જમણ | માતુશ્રી પુષ્પાબેન પ્રવીણચંદ્ર દંડ | અમદાવાદ |
| | બપોરની ચા | માતુશ્રી પુષ્પાબેન પ્રવીણચંદ્ર દંડ | અમદાવાદ |
| | ચૌવિહાર | માતુશ્રી પુષ્પાબેન પ્રવીણચંદ્ર દંડ | અમદાવાદ |
| ૨૧.૮.૨૩ | નવકાશી | અ.સૌ. જ્યોતીબેન કીર્તી દંડ | મુલુંડ |
| ૨૨.૮.૨૩ | નવકાશી | માતુશ્રી મુરબાઈ દામજી ધુલ્લા | મુલુંડ |

## પર્યુષણ પર્વ ૨૦૨૩-૨૪ના સાધારણ ખાતે આવેલ દાતાની નામાવલી

| દાતા પરિવારનું નામ | રૂપિયા | રહેઠાણ | દાતા પરિવારનું નામ | રૂપિયા | રહેઠાણ |
|---|---|---|---|---|---|
| શ્રી પ્રવિણચંદ્ર જેતશી દંડ | ૫૦૦૦ | અમદાવાદ | માતુશ્રી લક્ષ્મીબેન રજનીકાંત માલદે | ૨૨૨૨ | જામનગર |
| માતુશ્રી રંજનબેન રામજી દંડ | ૩૩૩૩ | ચિત્તોડગઢ | માતુશ્રી ચંદનબેન નેમચંદ દંડ | ૨૦૦૭ | મુલુંડ |
| માતુશ્રી પુરબાઈ કુંવરજી દંડ | ૩૧૦૫ | માટુંગા | માતુશ્રી જયવંતીબેન મુલચંદ દંડ | ૨૦૦૦ | સાંતાક્રુઝ |
| માતુશ્રી કંચનબેન ગીરીશ દંડ | ૩૧૦૦ | મુલુંડ | માતુશ્રી નવલબેન મણીલાલ દંડ | ૨૦૦૦ | મુલુંડ |
| શ્રીમતી વિમલાબેન રમેશ દંડ | ૩૦૦૧ | મુલુંડ | એક સદ્‌ગૃહસ્થ તરફથી | ૨૦૦૦ | |
| માતુશ્રી હંસાબેન ધનકુમાર દંડ | ૨૭૦૦ | મુલુંડ | માતુશ્રી પાનબાઈ લક્ષ્મીચંદ દૌલત | ૧૨૩૪ | ઘાટકોપર |
| માતુશ્રી તારાબેન નવીનચંદ્ર ધુલ્લા | ૨૫૫૧ | ડોંબિવલી | માતુશ્રી હેમલતાબેન જયંતીલાલ ધુલ્લા | ૧૨૦૬ | ડોંબિવલી |
| માતુશ્રી વનિતાબેન પ્રવીણચંદ્ર દંડ | ૨૫૦૨ | મુલુંડ | અ.સૌ. દીપા યોગેશ ધુલ્લા | ૧૨૦૬ | ડોંબિવલી |
| માતુશ્રી પન્નાબેન જયંતીલાલ દંડ | ૨૫૦૨ | મુલુંડ | અ.સૌ. હેમલ ઉમેશ ધુલ્લા | ૧૨૦૬ | ડોંબિવલી |
| માતુશ્રી સોનબાઈ હંસરાજ ધરમશી | ૨૫૦૧ | મુલુંડ | માતુશ્રી કંચનબેન વીરચંદ દંડ | ૧૧૧૧ | મુલુંડ |
| સ્વ. લીલાવંતી ચંદ્રકાંત દૌલત | ૨૫૦૧ | ઘાટકોપર | માતુશ્રી દિવ્યાબેન વિશનજી નાગડા | ૧૧૧૧ | સે.ભરૂડીયા |
| માતુશ્રી તારાબેન કુંવરજી દંડ | ૨૫૦૦ | મુલુંડ | માતુશ્રી તારાબેન પદમશી મોતા | ૧૧૧૧ | વિરાર |
| માતુશ્રી મણીબાઈ જેતશી ગોવિંદજી દંડ | ૨૩૦૦ | ઘાટકોપર | માતુશ્રી પ્રેમીલાબેન જેઠાલાલ ધુલ્લા | ૧૧૧૧ | ડોંબિવલી |
| માતુશ્રી સોનબાઈ કાનજી દંડ | ૨૨૫૧ | ડોંબિવલી | માતુશ્રી વિજયાબેન ગુલાબચંદ ધુલ્લા | ૧૧૧૧ | ઘાટકોપર |

| | | | | | |
|---|---|---|---|---|---|
| શ્રી વીરચંદ પદમશી દંડ | ૧૧૧૧ | ડોંબિવલી | શ્રીમતી હર્ષાબેન કિશોર દંડ | ૧૦૧૧ | સાયન |
| માતુશ્રી જયાબેન વિશનજી લોડાયા | ૧૧૧૧ | ડોંબિવલી | માતુશ્રી અરૂણાબેન જગદીશ લોડાયા | ૧૦૧૧ | ડોંબિવલી |
| માતુશ્રી નીલમબેન ભોજરાજ ધુલ્લા | ૧૧૧૧ | ડોંબિવલી | માતુશ્રી દેવકાબેન રામજી ધુલ્લા | ૧૦૦૧ | સે.ભરૂડીયા |
| માતુશ્રી સરોજબેન સોમચંદ લોડાયા | ૧૧૧૧ | સે.ભરૂડીયા | શ્રી કલ્પેશ જયંતીલાલ ધુલ્લા | ૧૦૦૧ | સે.ભરૂડીયા |
| માતુશ્રી આશાબેન ધીરજલાલ ખોના | ૧૧૧૧ | સે.ભરૂડીયા | માતુશ્રી હેમલતાબેન રામજી ખોના | ૧૦૦૦ | કાંદિવલી |
| માતુશ્રી રંજનબેન અરવિંદ દંડ | ૧૧૧૧ | જામનગર | માતુશ્રી લાખબાઈ હીરજી નાગડા | ૧૦૦૦ | મુલુંડ |
| માતુશ્રી મુરબાઈ દામજી ધુલ્લા | ૧૧૧૧ | મુલુંડ | માતુશ્રી હંસાબેન રાયચંદ ધુલ્લા | ૧૦૦૦ | ડોંબિવલી |
| માતુશ્રી નેણબાઈ મણીલાલ ધુલ્લા | ૧૧૦૦ | ચાલીસગામ | એક સદ્ગૃહસ્થ તરફથી | ૧૦૦૦ | -- |
| માતુશ્રી સરલાબેન કુંવરજી દંડ | ૧૧૦૦ | સે.ભરૂડીયા | શ્રીમતી લક્ષ્મીબેન ધનજી દેઢીયા | ૫૫૧ | મુલુંડ |
| શ્રી રમેશ પદમશી દંડ | ૧૧૦૦ | ઘાટકોપર | શ્રીમતી હીરાવંતીબેન પ્રેમજી દેઢીયા | ૫૫૧ | અલીબાગ |
| માતુશ્રી લીલબાઈ કેશવજી દંડ | ૧૦૧૧ | સાયન | શ્રી બંકીમભાઈ દામજી ધરમશી | ૫૦૦ | વિક્રોલી |
| માતુશ્રી પ્રેમીલાબેન વેલજી દંડ | ૧૦૧૧ | સાયન | | | |

**સ્વપ્નની ઉછામણીના ભાગ્યશાળીઓની નામાવલી**

| ક્રમ | શ્રી સ્વપ્ન | દાતા પરિવારનું નામ | રહેઠાણ |
|---|---|---|---|
| | મોક્ષની બારી | માતુશ્રી તારાબેન નવીનચંદ્ર ધુલ્લા, હસ્તે અમીશ, નીતી, વંશ | ડોંબિવલી |
| | ગજરાજ | માતુશ્રી વિજયાબેન ગુલાબચંદ્ર ધુલ્લા, હસ્તે ભરત ધુલ્લા | ઘાટકોપર |
| | વૃષજા | માતુશ્રી કંચનબેન ગીરીશ દંડ પરિવાર | મુલુંડ |
| | કેશરી સિંહ | માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર | મુલુંડ |
| | મહાલક્ષ્મી | માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર | મુલુંડ |
| | પુષ્પની માળા | માતુશ્રી કંચનબેન વીરચંદ દંડ, હસ્તે અરૂણા અશ્વીન દંડ | મુલુંડ |
| | ચંદ્ર | માતુશ્રી પાનબાઈ લક્ષ્મીચંદ દૌલત તથા માતુશ્રી ચંદ્રકલા પ્રફુલ દૌલત, હસ્તે પ્રીતી કપીલ દૌલત, પંકી કપીલ દૌલત | મુલુંડ |
| | સુર્ય | માતુશ્રી રેખા દિલીપ દંડ પરિવાર હસ્તે પારસ દિલીપ દંડ | ડોંબિવલી |
| | ધર્મની ધજા | માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર | મુલુંડ |
| | કળશ | માતુશ્રી લીલાવંતી જીવરાજ મેઘજી દંડ હસ્તે અ.સૌ. ચંદનબેન નેમચંદ દંડ | મુલુંડ |
| | પદમ સરોવર | માતુશ્રી મુરબાઈ દામજી ધુલ્લા, હસ્તે શ્રીમતી ભાવનાબેન વનરાજ ધુલ્લા | મુલુંડ |
| | ક્ષીર સમુદ્ર | માતુશ્રી વેજબાઈ ભાણજી લોડાયા પરિવાર, હસ્તે ભાણજીભાઈ લોડાયા | ડોંબિવલી |
| | દેવવિમાન | માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર | મુલુંડ |
| | રત્નની રાશી | માતુશ્રી કાંતાબેન મણીકાંત દંડ પરિવાર હસ્તે રીયાંષ ખીલીન દંડ | સાંતાક્રુઝ |
| | અગ્નીશીખા | માતુશ્રી મીતાબેન હીરેન દંડ હસ્તે દિપ્તી વિશાલ દંડ અને કીયાંસ પ્રાચી જીજ્ઞેશ દંડ | ઘાટકોપર |

**આદેશ લેનાર ભાગ્યશાળી પરિવાર**

**(૧)** કલ્પસુત્ર : માતુશ્રી પ્રેમિલાબેન જેઠાલાલ ધુલ્લા **(૨)** ધુપ, દિપક, ચામર, ઝાલર, કલ્પસુત્ર પોખવાનું : શ્રીમતી ભાવનાબેન વનરાજ ધુલ્લા **(૩)** આરતી : મહી સાગર ધુલ્લા **(૪)** કલશ : માતુશ્રી સરોજબેન સોમચંદ ભાણજી લોડાયા

**(૫)** પારણુ ઝુલાવવાનું, ઝાલર, ચામર, દીપક, માંગલિક દીવો, આરતી, બારસા સુત્ર વહોરાવવાનું : શ્રીમતી ભાવનાબેન વનરાજ ધુલ્લા **(૬)** ધુપ : માતુશ્રી સરલાબેન કુંવરજી દંડ હસ્તે જયેશ દંડ **(૭)** પારણુ પધરાવવાનું :નયનાબેન પરેશ ખોના **(૮)** દ્વાર ઉદ્ઘાટન : માતુશ્રી મુરબાઈ દામજી ધુલ્લા હસ્તે નીખીલ-ચીરાગ **(૯)** રથ યાત્રા : માતુશ્રી દિવ્યાબેન વીશનજી વેલજી નાગડા **(૧૦)** રથ સાથે ધુપ દિપક : માતુશ્રી સરોજબેન સોમચંદ લોડાયા **(૧૧)** તપસ્વી પારણા : માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર **(૧૨)** પાંચમના પ્રતિકમણ બાદ શ્રીફળની પ્રભાવના : માતુશ્રી મણીબેન જેતશી ગોવિંદજી દંડ

**ગામવાસીઓએ તન-મન-ધનથી આપેલ સાથ તથા સહકાર બદલ સંઘ સદા આપનો ખુબ ખુબ આભારી છે**

આપ સર્વે ગામવાસીઓને 'મિચ્છામી દુક્કડમ્'

**નોંધ : આપણા આદીનાથ દાદાની આગામી ૧૯મી ધ્વજા**
**તા. ૮.૩.૨૦૨૪ને શુક્રવારના રોજ ચઢાવવામાં આવશે તો સર્વ ગામવાસીને પધારવા વિનંતી.**

# U M KHONA AND COMPANY

CLEARING | FORWARDING | LOGISTICS

AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS

## COMMITMENT TO EXCELLENCE



OUR PRESENCE AT:

- MUMBAI
- JNPT
- HAZIRA
- KOLKATA
- HALDIA
- CHENNAI
- KANDLA
- MUNDRA
- PIPAVAV

jayant.lapsia@gmail.com

Tel.: 6155 9901

**U M KHONA AND COMPANY**
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.

Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955

www.umkhona.com

CB: 11/189

એ
પોઝીટીવ
સ્ટોરી

# ડૉક્ટરની માનવતાને સો સો સલામ!

**C.A. કુલીનકાંત ચાંપશી લુઠીયા**– ટ્રસ્ટી, માનવ જ્યોત
મો.નં.– **98200 39469**



**પ્ર.સ.ના આ અંકથી 'એ પોઝીટીવ સ્ટોરી' હેઠળ સંકલનકાર સામાજીક કાર્યકર C.A. કુલીનકાંત ચાંપશી લુઠીયાની લેખમાળા શરૂ થાય છે. જે વાચક વર્ગને સકારાત્મકતા તરફ જોડે છે. મનને કલુષિત વાતથી દુર રાખે છે. એ પોઝીટીવનેસ નિષ્કામ સેવા તરફ વાળે છે. આપણે બીજાથી ઊંચા છીએ એવો ભાવ નાશ પામે છે.**

**તેથી આપણામાં નમ્રતા, શુદ્ધપ્રેમ, દયા, ક્ષમા અને કરૂણાની ભાવનાનો વિકાસ થાય છે. પોતે બીજાથી અલગ છે, એવી ભેદવૃત્તિ નાશ પામે છે. માણસ વિશાળ દ્રષ્ટિબિંદુથી જોતાં શીખે છે. હૃદય પણ ઉંચી ઉદાર ભાવનાથી ભરપુર અને વિશાળ બને છે. પરિણામે શાશ્વત આનંદ અનુભવે છે.** **– CA રમેશ દેવજી ખોના–M : 98211 75136**

આજની ફાસ્ટ દુનિયામાં દરદીની બધીય ફરિયાદો સાંભળવા સમય ફાળવતા નથી, ત્યારે સઘળી શારીરિક મુશ્કેલીઓ જાણ્યા બાદ, તેના ઈલાજના ચોકકસ નિષ્કર્ષ પર આવી સારવારની રૂપરેખા ઘડી કાઢી પોતાના નોબેલ વ્યવસાયને ન્યાય આપવા કટિબધ્ધ એવા એક વિખ્યાત કેડીઓ આઇસર્જનની આ વાત છે.

પાકટ વયે પહોંચેલા ગરીબ જરૂરતમંદ દરદીઓની આંખોના મોતિયાના ઓપરેશન વિનામૂલ્યે કરી આપવાના એક પ્રોજેકટના સંચાલન માટે એ ડોકટર સાહેબની નિમણુંક થઇ હતી. માનવ જયોત ટ્રસ્ટના કાર્યાલયમાં એક દિવસ ૧૭ વર્ષનો ગિરીજેશ પોતાની નબળી આંખની ફરિયાદ સાથે આવી પહોંચ્યો. તેની દ્દષ્ટિ લગભગ જતી રહી હતી. તેની કરૂણ કથની સાંભળી તેને ડોકટર સાહેબ પાસે મોકલાયો.

માનવ જયોત પ્રોજેકટની શરતોમાં ના બેસતો હોવા છતાં, એ દરદીની આંખો તપાસતાં ડોકટર સાહેબને જણાયું કે એના આંખોના મોતિયા અને ઝામર બન્ને સાથે ઓપરેશન દ્વારા દૂર કરવાના રહેશે. તેથી ડોકટર સાહેબે મને ફોન જોડયો. 'લુઠીયા સાહેબ, એ ગરીબ દરદીની આંખો જોતાં, મને લાગે છે કે આપણા MOU માં નહી બેસતું હોવા છતાં, તેના બન્ને ઓપરેશન મારે એક સાથે જ કરવા પડશે અને તે હું કરીશ. પછી ભલેને તમે મારા એક ઓપરેશનનું બીલ પાસ ના કરો.હું મારા દર્દીનું અધૂરૂં ઓપરેશન ન કરી શકું. હું એક દ્રષ્ટિને બચાવનારો ડોકટર છું. હું બન્ને ઓપરેશન એક સાથે કરીશ. મારા નોબલ વ્યવસાયને અનુસરવા મારૂં હદય પ્રેરણા આપી રહયું છે.' આ હતા ડોકટર સાહેબના ઉદ્‌ગારો!

આ કતવ્યર્નિષ્ઠ ડોકટરનું નામ છે, ડો. કૌશલ શાહ, જેમણે કોઇમ્બતુરની વિખ્યાત આઇ હોસ્પિટલમાંથી ઓપથેલમોલોજીમાં માસ્ટર્સ ડીગ્રી મેળવેલ છે, અને હાલે પોતાની હોસ્પિટલમાં મોટા મોંઘા અત્યંત આધુનિક ઇકવીપમેન્ટ્સથી દરદી નારાયણની ઉત્તમોત્તમ સેવા કરી પોતાના વ્યવસાયને ન્યાય આપે છે.

મેડીકલ પ્રોફેશનમાં માનવતા ખીલે તો માંદાની માંદગીમાં ખુબ જ સાંત્વના અને વહેલી તકે પીડામાંથી મુકિત મળે છે. હવે અહીં પૈસાના કદને બદલે પ્રતિબધ્ધતાનું કદ જોવાય છે. આ ડોકટર સાહેબને કુદરત તરફથી અનંત શક્તિ મળી છે. ડોકટર કૌશલ શાહની માનવતાને જાણી આપણું શિર પણ ઝુકી જાય. ડોકટર સાહેબના અંતરાત્માથી અવાજ આવ્યો, કરવા જેવું તો આજ કામ છે. આ મેડીકલ પ્રોફેશનનો અંતિમ હેતુ 'નિષ્કામ સેવા' જ છે.

માણસ જયારે નાના નાના ભલાઇના કામ કરે છે, ત્યારે જ તેનું જીવન સમૃધ્ધ અને અર્થપૂર્ણ બને છે. આ વાતની આ ડોકટર સાહેબને ભર યુવા વયે પ્રતીતિ થઇ ગયેલી છે તે ગર્વની વાત છે.

નામ પ્રમાણે ગુણ ધરાવતા ડોકટર કૌશલ શાહને શત્ શત્ વંદન.

## અવયવદાનના અવસર આવે તો ....
## સમાજનું ઋણ આમ પણ ચુકવાય

દિલ્હીની AIMS હોસ્પિટલનું પ્રાંગણ હંમેશા દરદીઓ અને તેમના સંબંધીઓથી ખીચોખીચ ભરેલું જ હોય છે. દિવસ ઊગે ને દરદીઓની આવન જાવન વધે, કોઈ હરિયાણા, પંજાબ વિગેરે અને દુર દુરથી દર્દીઓ બોર્ડરના વિસ્તારમાંથી પણ ત્યાં સારવાર, ચેકઅપ અર્થે પહોંચી જાય.

પ્રવેશદ્વારે જમના નામની એક પ્રૌઢ મહિલા એક હાથમાં

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન**

સીક્યોરીટીની અનુમતિથી પ્લેકાર્ડ સાથે એક બાજુ ઊભી રહેતી. આવતી જતી જનતાને તે પ્લેકાર્ડ દેખાય, અને તેમાંનું સ્લોગન વંચાય, તેમ ડાબેથી જમણે અને જમણેથી ડાબે ખાસ વાંચવા ફેરવતી રહેતી. રંગીન પૂંઠા પર લખાયેલા એ સંદેશ તરફ આવતી જતી પ્રજાનું ધ્યાન ખેંચાતું અને તેઓ જસ્ટ વાંચી પોતાના પંથે જતાં રહેતા.

એક દિવસ એક સરદારજીને AIMS ની આ હોસ્પિટલમાં જવાનું થયું. તેણે આ બોર્ડ વાંચ્યું. સ્વાભાવિકપણે તેને પેલી પ્રૌઢાને પુછવાનું મન થયું કે, આ તું શું કરે છે? તેણીએ દેહાતી (ગામઠી) ભાષામાં જવાબ વાળતા કહ્યું કે મારો દિકરો હાલમાં જ મરણ પામ્યો છે, કો'કે અંગદાન કરી તેનો જીવ બચાવ્યો છે, જે છ માસ સુધી જ ટકી શકયો. અચાનક હાલમાં કીડની ફેઈલ થઈ જતાં, મારા એ વ્હાલસોયા દીકરાનું કરુણ મોત થયું. પરંતુ મારા દિકરાને કોઈએ નવજીવન અર્પી તેની આયુષ્ય રેખા છ માસ લંબાવી હતી! વેદનામય જીંદગીથી છ માસ જેટલા લાંબા સમય માટે તેની આયુષ્ય રેખા લાંબી કરી હતી. સુખમય બનાવી હતી.તે માટે મારા દિકરાને જેણે કિડની આપી, તેનો તો મારા ઉપર ખુબ મોટો ઉપકાર છે.

મેં પુછેલું કે મારા વ્હાલસોયાને જેણે કિડની આપી તેનો બદલો કેમ વાળી શકું, ત્યારે ડોક્ટર સાહેબે કહેલું કે તું બીજી રીતે કંઈ કરી શકવાને અસમર્થ છે, પણ કિડની દાનના મહત્વના સંદેશને કોઈ પાસે બોર્ડ/ પ્લેકાર્ડ બનાવી લોકો સુધી પહોંચાડે તે બસ છે.

બસ ત્યારથી ૭૦ વય વટાવી ચુકેલી એ પ્રૌઢા દરરોજ સવારે આવી ચાર/પાંચ કલાક એ સંદેશો લોકો સુધી પહોંચાડવા પ્લેકાર્ડ લઇ હોસ્પિટલમાં જતા આવતા લોકોને વંચાવવા આમતેમ પ્લેકાર્ડ ફેરવતી રહે છે. તેને ઝાઝું દેખાય નહીં, પણ તેનો મધુરો કંઠ છે એટલે બે ચાર ગામઠી ગીતો ગાઈ, તેનો મહત્વનો સંદેશો વંચાવવા કોશિષ કરે છે .

સમાજનું ઋણ ચુકવવાના ઘણાય રસ્તા છે. જે આપણી ઉપર ઉપકાર કરે છે તેના પર જ આપણે એ કરેલા ઉપકારનો બદલો વાળી ના પણ શકીએ .આપણે પણ એ દિશામાં જ નહીં, આપણી ચારે કોર સમાજકલ્યાણના કાર્યોની અનેક તકો રહેલી છે, જે દ્વારા આપણે પણ કો'કના ઉપકારનો બદલો, અન્યના ઉપકારી બની, વાળી શકાએ. જરૂર છે માત્ર દ્રઢ સંકલ્પની કે કોઈ માટે કંઇક કરી છુટવું છે.

જગત લેણદાર છે અને આપણે તેના કરજદાર છીએ.ગાંધીજીની ઉક્તિને આપણે સૌ કોઇ સાકાર કરીએ તો? એક અશિક્ષત મહિલા તેની પરના ઉપકારનો બદલો આપવા શક્ય તેટલા પ્રયાસ કરતી હોય ત્યારે, આપણે તો ઉચ્ચ શિક્ષિત છીએ. સમાજસેવાના ઘણાંય રસ્તા છે. આપણે પણ કોઇક સેવાની કેડી કંડારીએ તો?

માનવતા અત્તરના પુમડા જેવી હોય છે. જે વ્યક્તિ માનવતાનું કાર્ય કરે છે.એની શાશ્વત સુવાસ મળે જ છે. એની આસપાસ ઊભેલા લોકોને એની સુવાસ તરબોળ કરતી રહે છે. ચાલો આપણે પણ સમાજનો આપણી ઉપરનો ઋણ એક નહીં તો બીજી રીતે વાળી જ શકીએ. ઉપકારનો બદલો ઉપકારથી જ આપવો રહ્યો.

તેવો ઉપરોક્ત પ્રસંગ જોયા, પછી આંખો જ નહીં, હૈયું પણ તરબતર થઇ ગયું!

## હાર્દિક અભિનંદન




કૃષ્ણા વિજય વિકમશીને હિંદી સપ્તાહમાં શ્રુત લેખન માટે પ્રથમ ઈનામ પ્રાપ્ત થયું.

## હોસ્પિટલમાં

અસ્પતાલો જો બની હો ઠામ તારું જિંદગી,
વેદના છે સાવ સાચું નામ તારું જિંદગી.

હાથ કાપ્યો ભાન ભૂલ્યો કો અહીં બિનવારસી.
સ્ટ્રેચરો છે દોડતું વા'ન તારું જિંદગી.

દર્દ ને પીડાં અને છે શુષ્ક સૌ ચહેરાં,
નૂર ઊડેલું, બળેલું ગામ તારું જિંદગી.

જો બધું ખા-પી શકો સદ્ભાગ્ય છે,
ઔષધો ને ગોળીઓ છે પાન તારું જિંદગી.

ચીસ તો એવી પડી કે દેહ કોઈ છૂટ્યો,
બેડ પર હરદમ સુણાતું ગાન તારું જિંદગી.

સ્વસ્થતા વરદાન છે ને રોગ છે અભિશાપ,
થાય માનવને અહીં એ ભાન તારું જિંદગી.

**- પ્રફુલ જોષી**

સંસ્થા સમાચાર - જ્ઞાતિ સમાચાર - વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ

આ વરસના પર્યુષણ પર્વ દરમ્યાન ગામવાસીઓ તથા દેશાવર વસતા દરેક ભાઈ-બહેનોએ બહુજ હર્ષ તથા ઉલ્લાસથી પર્વની રૂડી રીતે ઉજવણી કરી. પર્યુષણ પર્વની આરાધના કરાવવા શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ તરફથી શ્રીમતી લક્ષ્મીબેન ધનજી દેઢીયા તથા હીરાવંતી પ્રેમજી દેઢીયા પધારેલ. તેમણે ખુબજ સારી રીતે આરાધના કરાવેલ તથા ગામવાસીઓએ ઉછળતા ભાવે સાથ આપેલ.

### શ્રી ગુણપૂણ્ય કન્યા શિબીર

શ્રી શંખેશ્વર તીર્થ ધામ અગાશી ખાતે ઉંમર વર્ષ ૧૨ થી વધુની કન્યાઓ માટે પ.પૂ. પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ. હર્ષગુણાશ્રીજી મ.સા. આ.ઠા.ના માર્ગદર્શન હેઠળ તા. ૨૬ ડિસેમ્બર ૨૦૨૩ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ના ગાળામાં સાત દિવસની શિબીરનું આયોજન કરાઈ રહયું છે. વધુ માહિતી માટે તરૂણ વોરા-૯૭૬૪૧૨૧૦૦૨ અને તેજસ સાવલા-૮૮૦૬૪૬૪૬૬૬નો સંપર્ક સાધવો.

### કોઈમ્બતુર જૈન મહાજન ચૈત્ય પરિપાટી

શ્રી કેડીઓ મહાજન કોઈમ્બતુર દ્વારા સપ્ટેમ્બર ૨૪, ૨૦૨૩ના દિને કલીકટ જિનાલયની ચૈત્ય પરિપાટી યોજાઈ હતી. કલીકટ જીનાલય કમિટી અને કલીકટ કેડીઓ જૈન મહાજન દ્વારા સરસ  વ્યવસ્થા કરવામાં આવી હતી.

### પારોલા તીર્થે આયંબીલ ઓળી

આસો સુદ ૭, શુક્રવાર તા. ૨૦.૧૦.૨૩થી આસોસુદ ૧૫ શનિવાર, તા. ૨૮.૧૦.૨૩ સુધી શાસન પ્રભાવિકા પારોલા તીર્થોદ્ધારિકા સાધ્વી વર્યા પ.પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા ખાનદેશરત્ના પ.પૂ.સા. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ. શ્રી હિમાંશુશ્રીજી મ.સા.ની નિશ્રામાં આયંબિલની ઓળીનું આયોજન છે.


Exclusive Embroidery & Upto date Finishing
જ્યોતિ Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed
Originally at Zaveri Bazar since 1976 Follow us on


આ પાવન દિવસોમાં શ્રીપાલ રાજારાસ આધારિત પ્રવચન માળા, સ્નાત્ર પૂજા, સિધ્ધચક્ર પૂજા આદિ કરાવાશે.

### કૃષ્ણા મોમાયા વ.પ્ર. ની પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં

ઉર્મી સ્કુલના કૃષ્ણા મોમાયા વડાપ્રધાનના પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં જોડાયા હતા અને પોતાના વિચાર રજુ કર્યા હતા.

### રચના મહિલા મંડળ



આ વર્ષનો વાર્ષિક પ્રોગ્રામ તા. ૨૩.૯.૨૩ના યોજાયો. પ્રથમ નવકાર મંત્રથી શરૂઆત કરી એકબીજાને ખમત ખામણાં કરીને પછી તપસ્વીનું બહુમાન કરેલ. ઢોલનાં સથવારે આપણી કચ્છી રમતો જેવી કે મટુકડી, ધમાલ થાળી, તાજાડી તથા બેસ્ટ ડ્રેસ વગેરે સ્પર્ધાઓ હતી. પાંચ લક્કી ડ્રો પણ હતા. મંડળનાં ૬૦ સભ્યોએ ઉમળકાભેર ભાગ લીધો. સ્પર્ધા માટે નિર્ણાયકો શ્રીમતી દીપાબેન નાગડા તથા શ્રીમતી રેણુકાબેન લોડાયા આવેલ.

## વતનના વર્તમાન

**સંકલન : કેસરસિંહ ખોના**

### નલિયા પુનર્વસન આયોજન

અબડાસાના મુખ્ય મથક પંચતીર્થીના જ્ઞા.શિ.ન.ના. ધામમાં જ્ઞાતિજનોની વસતી ઘટી રહી છે. હાલ માત્ર ૧૩૦ જણની વસતિ છે. આવા મહત્ત્વના ગામની વસતી વધારવા માટે નલિયાથી સ્થળાંતર કરી ગયેલા જ્ઞાતિજનોને ફરી પરત લાવવાની વિચારણા કરવામાં આવી રહી છે. અહીં રોજગાર કૃષિ ઉત્પન્ન વગેરેની સારી તકો રહેલી હોઈ જૈન મહાજન પ્રમુખ શ્રી મુલચંદભાઈ મોતાએ વડીલોની જન્મભૂમિ પુનઃકિલ્લોલ કરતી કરવા ટહેલ નાખી છે.

## ગીરીશ મેઘાણીને એક વધુ પુરસ્કાર

ગીરીશભાઈ મેઘાણી સતત વાર્તાઓ લખતા રહે છે. જેમને જ્યોતી કલશ સંસ્થા દ્વારા સ્પર્ધામાં પુરસ્કાર મળતા રહે છે. આ વખતે 'બાપુજી રિટાયર ના થાય' વાર્તા માટે વિશેષ પ્રોત્સાહન પુરસ્કાર એનાયત થયો છે.

## પ્રવીણ ગોરસીયા

જનરલ નોલેજ આધારિત કૌન બનેગા કરોડપતિ ક્વિઝમાં પ્રવીણ ગોરસીયાનો નંબર લાગતા કચ્છી સમાજમાં ઉત્સાહ જોવાયો હતો. જોકે પ્રવીણભાઈનો ખેલ ૧૧મા પ્રશ્ને પૂરો થઈ ગયો હતો. રેપીડ ફાયરમાં ૧૦માંથી ૮ સવાલના જવાબ સાચા રહ્યાં હતાં.

## બાજરી વર્ગના અનાજનો ઉપયોગ વધારવાનો સંકલ્પ

લંડનના વિલ્સડન સ્વામીનારાયણ મંદિરમાં ચાલી રહેલા જીવન માંગલ્ય મહોત્સવમાં ભક્તોએ બાજરી વર્ગના અનાજનો ઉપયોગ વધારવાનો સંકલ્પ લીધો હતો.

## કેન્દ્રીય મહિલા અને બાળ કલ્યાણ ઈન્ટર્ન

કેન્દ્રીય મહિલા અને બાળકલ્યાણ મંત્રાલય દ્વારા વિશેષ તાલીમ માટે પસંદ કરાયેલી ૧૮ તાલીમાર્થીઓ પૈકી ગુજરાતમાંથી એક માત્ર મહિલા આદિપુરની મુસ્કાન મુકેશ લખવાણી પસંદ કરાઈ છે.

બે મહિનાની તાલીમ દરમિયાન મુસ્કાનને ૪૦થી વધુ આઈએએસ અધિકારીઓ સાથે કામ કરવાની તક મળી હતી. આ તાલીમ દ્વારા મહિલાઓ અને બાળકોની સકારાત્મક અસર નિર્માણ કરવાનું આયોજન હતું.

## ધોળાવીરા સ્વદેશ દર્શન યોજનામાં

સૈંધવ સંસ્કૃતિય વિશ્વ ધરોહર ધોળા વીરાનો કેન્દ્રીય પ્રવાસન ખાતાની સ્વદેશ દર્શન-૨ યોજનામાં સમાવેશ કરાતા કચ્છમાં રોજગારની તકો વધશે અને ધોળાવીહા ખડીરનો વિકાસ પણ ઝડપી બનશે.

## સ્ટીચએલના સંદીપભાઈની બચ્ચનજીને ભેટ

શ્રી સંદિપભાઈએ કચ્છમાં ઉત્પન્ન તથા વિશિષ્ટ અને દુર્લભ પ્રજાતિના કાળા કપાસમાંથી નિર્મિત સૂટની 'કૌન બનેગા કરોડપતિ'ના એંકર-સંચાલક મેગા સ્ટાર અમિતાભ બચ્ચનને મળી ભેટ આપી હતી.

## નાની સિંધોડી જિનાલયમાં પૂજાવિધિ

નાની સિંધોડીમાં ગોડિયા પાર્શ્વનાથ દાદાની છત્રછાયામાં નિર્માણાધીન શિખરબંદ, જિનાલયની બારસાખ અને પદમ શિલાની પૂજા વિધિ ઉપરાંત મા. તારાબેન માણેકજી મોતા પરિવાર દ્વારા વિધિકાર નાની તુંબડીના પ્રવીણભાઈ ગાંગજી સાવલાના નિર્દેશનમાં પાર પાડવામાં આવી હતી.

## નાના બાળકોમાં હૃદયની તકલીફ

બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત કે.એમ. પટેલ આરોગ્યધામ ખાતે કરમસદ (આણંદ)ની કૃષ્ણા હાર્ટ હોસ્પિટલના સહયોગમાં હૃદયરોગ નિદાન અને સારવાર શિબીરનો ૧૦૬ રોગીએ લાભ લીધો હતો. આ તપાસમાં જાણવા મળ્યું કે નાના બાળકોમાં હૃદયમાં કાણા અને વાલ્વ સમસ્યા વધુ પ્રમાણમાં છે.

કૃષ્ણા હાર્ટ હોસ્પિટલના હૃદયરોગ સ્પેશ્યાલિસ્ટ ડૉ. મનીષ તિવારીએ જણાવ્યું કે નાના બાળકોની આ પ્રકારની તકલીફોમાં સર્જરી કરાય તો વાંધો નથી આવતો અને આગળ જતાં એમને કોઈ તકલીફ નથી પડતી.

## સામુદ્રીક શેવાળની ખેતી

ભારત સરકાર દ્વારા કચ્છના અખાતમાં સીવીડ ખેતીનો એક મહત્તવનો કાર્યક્રમ શરૂ કરાયો છે.

આ કાર્યક્રમમાં સરકારના જુદા જુદા વિભાગોના સથવારે કોરીક્રીક વિસ્તારના તેહરા, લક્કી, રોડાસર, ગુનાવ, પીપર અને ભુટાવ ગામોની મુલાકાત લઈ ત્યાં સમુદ્રી શેવાળની ખેતીથી થનારા લાભોની માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત નારાણસર, પડાલા ક્રીક અને જખૌ પોર્ટમાં પણ આ પ્રકારના કાર્યક્રમ યોજાયા હતા.

## મેળાઓના દેશમાં ભેડ માતાજીનો મેળો

ખાસ કરીને માલધારીઓ-પશુપાલકોના લોકપ્રિય વંદનીય દેવી ભેડ માતાજી (મોમાય માતાજી)ના ભેડીયા ડુંગરના આશ્લેષમાં એક દિવસનો મેળો યોજાઈ ગયો. મુખ્યત્વે રબારી સમાજનો આ મેળો વરસોથી ભરાય છે.

મોટા બરંદા-કોટડા ચકારના પડખે યોજાયેલા મેળામાં મોટી સંખ્યામાં માલધારીઓ પોતાના પશુધન સાથે સરાણવાળા તરીકે જાણીતો મોમાય માતાજીનો મેળો માણવો એક લ્હાવો છે. ખાસ કરી સંધ્યાકાળે દુઝણા ચોપાનું દૂધ મેળવી મંદિરે ચઢાવાય છે. જ્યાં ખીર તૈયાર કરી પ્રસાદ ચઢાવાય છે. જે બધા જ ભાવિકોને વહેંચવામાં આવે છે.

## અબડાસા વિજ્ઞાન મેળો

નલિયા-જખૌ રોડ પર આવેલી મોડેલ સ્કૂલના પરિસરમાં મહારાણી ગંગા બા સાહેબ ભુજ પ્રેરિત જામ

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

અબડા શાળા વિકાસ કોમ્પલેક્સ અબડાસા દ્વારા તાલુકા સ્તરીય વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

**દુર્લભ રોગગ્રસ્તો માટે સહાય**

પૂર્વ રાજ્યમંત્રી વાસણભાઈ આહીરના અનુરોધને અનુલક્ષી કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખભાઈ માંડવીયાના વડપણ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા દુર્લભ રોગગ્રસ્તો માટે સહાય આપવામાં આવે છે. કચ્છમાં આવા સેંકડો દરદીઓ લાભ મેળવી શકશે. આવા રોગીઓને સહાય માટે રૂા. ૫૦ લાખનું ભંડોળ રાખવામાં આવ્યું છે.

ખાસ કરીને મસ્ક્યુલર ડિસ્ટ્રોફીના ઈલાજ માટે ૧૧ જેટલી મુખ્ય સરકારી અસ્પતાલો નિશ્ચિત કરાઈ છે. જે પૈકી ગુજરાતના દર્દીઓ માટે જોધપુરની અસ્પતાલ (હોસ્પિટલ) નિર્ધારીત કરાઈ છે.

**ભારતનગર જીરાવલ્લા ઉપાશ્રય-ગાંધીધામ**

તા.૩૦/૯/૨૦૨૩ના ગાંધીધામ ભારતનગર જીરાવલ્લા ઉપાશ્રય માં પ.પૂ.સા.જી મહોદય શ્રી મ.સા.ની નીશ્રામાં શ્રી મહાકાળી માતાજીની ભાવના રાખવામાં આવેલ તથા લકી ડ્રો રાખવામા આવેલ. ભાવિકોએ સારી સંખ્યામાં લાભ લીધેલ. ઉત્તમભાઈ મોમાયાએ રમઝટ બોલાવી હતી.

**શિયાળાનું મહેમાન લક્કડખોદ**

સામાન્યપણે ઓગસ્ટમાં જ કચ્છ આવતું લક્કડખોદ કે ઘંટીટાંકણું પક્ષી કાળી ભાત તથા માથે કલગી ધરાવે છે. લાકડાને ટાંક ટાંકીને, અનવરત લાંબી પાતળી ચાંચથી ખોદકામ કરતું આ પક્ષી આમ તો ભારતીય જ છે પણ ઓગસ્ટ મહિનાથી કચ્છમાં વેકેશન ગાળવા આવી જાય છે. હાલ ભુજની આસપાસના ૧૫-૨૦ કિ.મી.ના દાયરામાં સારી એવી સંખ્યામાં હાજરી પુરાવી રહ્યું છે.

**'જીતો' લેડીઝ વિંગનું મુલુંડમાં એક્ઝીબીશન**

જીતો લેડીઝ વિંગ ઓક્ટોબર ૨૮, ૨૦૨૩ના રોજ મુલુંડ ખાતે ઉડાન કાર્યક્રમ અંતર્ગત પ્રદર્શનીનું આયોજન કરી રહી છે. આયોજન સ્થળ સમૃદ્ધિ હોલ- મુલુંડ છે.

**મુંદ્રામાં વિરાટ સોલર પ્રોજેક્ટ**

વિશ્વના સહુથી મોટા સોલર ઉર્જા સમુહ વૈશ્વિક સોલર પ્રોડક્ટ્સ માગને પહોંચી વળવા અદાણી ગ્રુપ હાલની ઉત્પાદન ક્ષમતા ૪૦૦૦ મે.વૉ.થી વધારી ૧૦૦૦૦ મે.વૉ. કરશે. પ્રોજેક્ટ ૨૦૨૭માં ધમધમતું થઈ જવાની શક્યતા જોવાય છે. આ પ્રોજેક્ટમાં ફોટો વોલ્ટાઈક સેલનું ઉત્પાદન વધારવામાં આવશે. અદાણી ગ્રુપ પાસે ૩૦૦૦ મે.વૉ.ના ઓર્ડર હાથ પર છે. કંપની માટે નાણાંકીય જોગવાઈ બર્કલેઝ અને જર્મનીની ડીશ બેન્ક પાસેથી કરવામાં આવી છે.

**ફ્રેડ ફોર વર્ડ્સ એસો.ના ઉપપ્રમુખપદે દિનેશ ગુસા**

૩૦ સભ્યો ધરાવતા ફેડરેશન ઑફ ફ્રેટ ફોરવર્ડ્સ એસો. ઓફ ઈંડિયાની તાજેતરમાં મુંબઈ ખાતે યોજાયેલી મીટીંગમાં વર્ષ ૨૦૨૩-૨૫ માટેની કારોબારીની ચૂંટણીમાં ગાંધીધામના કિરણ ગ્રુપના દિનેશ ગુસા ઉપપ્રમુખ પદે ચૂંટાઈ આવ્યા છે. ઉલ્લેખનીય છે કે આ સંગઠનમાં કંડલા-મુંદ્રા બંદરના પ્રતિનિધી પહેલી જ વાર ચૂંટાયા છે.

**પૂર્વ રાજ્યમંત્રી વાસણભાઈ જીટીટીએ પ્રમુખ ચૂંટાયા**

પૂર્વ રાજ્યમંત્રી વાસણભાઈ આહીર ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસો. ના પ્રમુખ પદે સતત ૧૦મી વાર પ્રમુખ ચૂંટાયા છે. મૂળ અંજારના રતનાલ ગામના નિવાસી વાસણભાઈ આહીર પહેલી વખત ચૂંટાયા હતા. ત્યારથી આજ સુધીની સ્થિતિમાં પુષ્કળ વિકાસ નોંધાયો છે. એમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે સમસ્ત માલ પરિવહન ૭૦ ટકા ટ્રક ટ્રાન્સપોર્ટ મારફત થાય છે જેમાં મોટા ભાગમાં ગુજરાતની હિસ્સેદારી છે.

**ઈંગ્લેન્ડની કાઉન્ટી ક્લબના કચ્છી કિશોરો**

ભુજના ઈંગ્લેન્ડવાસી અને કાઉન્ટી ક્રિકેટમાં ઝળકેલા મુકેશ રસિકભાઈ ભટ્ટના બંને કિશોર પુત્રો પણ અન્ડર-૧૫ અને અન્ડર-૧૨ની ટીમમાં ઝળકી રહયાં છે. નોર્ધમ્પ્ટ શાયર કાઉન્ટી ક્રિકેટમાં ક્રિશ અને આરચન કાઉન્ટી ગેઈમ્સ, અને સ્કૂલ સ્પર્ધાઓમાં નામના મેળવી રહ્યાં છે.

**હેમંતભાઈની કેનેડા સરકારને અહમ છોડવાની અપીલ**

તાજેતરમાં ભારતમાં યોજાયેલા જી-૨૦ની સફળતાથી ગદગદ થયેલા કેનેડા સ્થિત વરાડીયાના હેમંતભાઈ શાહે ખાલિસ્તાની ચડવડિયાની હત્યાના મુદ્દે વણસેલા ભારત-કેનેડા સંબંધોને પાટે ચઢાવવાના ઈરાદાથી કેનેડા સરકારને અહમ છોડવાની અપીલ કરી છે.

**નમ્ર નિવેદન**

જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ-મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો.

**- તંત્રી મંડળ**

**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**

પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું. સાચી જરીની સાડીઓ વેચી આપવામાં આવશે. અમારી બીજી કોઈ શાખા નથી


**સોનલ આર્ટ** (થાણા) Mob.: 99678 41792

'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

**જીવન ચક્ર**

# જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ

સંપાદક : **રમેશ પદમશી દંડ (શાહ) – ભરૂડિયા**
મો. : 98197 93610 / E-mail : rpshah41@yahoo.com



| | | | | |
|---|---|---|---|---|
| | | **જન્મ** | | |
| ૨૪.૦૭.૨૦૨૩ | મુલુંડ | ધનંજય, વેણીકા–ગૌરવ મેપાણી(નાગડા) | પરજાઉ | પુત્ર |
| | | **જ્ઞાતિ સગપણ** | | |
| ૦૫.૦૯.૨૦૨૩ | ઘાટકોપર | સ્મીત અજય ગોવિંદજી ખોના | ગોરખડી | ૨૮ |
| | અકોલા | ખુશ્બુ ધર્મેન્દ્ર સોમચંદ લોડાયા | નાની ખાવડી | ૨૪ |
| ૨૬.૦૯.૨૦૨૩ | અમદાવાદ | મિહિર સોમચંદ ભાણજી મૈશેરી | બાંડીયા | ૨૮ |
| | કોઠારા | અસ્મિતા મહેન્દ્ર શામજી ડાઘા | વરાડિયા | ૨૩ |
| ૨૮.૦૯.૨૦૨૩ | લોકાપુર | દેવેન તેજકુમાર કેશવજી ધરમશી | સુથરી | ૨૭ |
| | ડોંબિવલી | ખુશ્બુ રમેશ લાલજી છેડા | સુજાપુર | ૨૫ |
| ૨૮.૦૯.૨૦૨૩ | દીવા | રાજકુમાર મહેન્દ્ર મણસી દંડ | સાંધવ | ૨૫ |
| | તીરપુર | કિંજલ ચેતન માણેકજી નાગડા | પરજાઉ | ૨૪ |
| ૨૯.૦૯.૨૦૨૩ | હૈદરાબાદ | સુશાંગ રવિન્દ્ર મૈશેરી | સિંધોડી મોટી | ૩૦ |
| | ઈંદોર | હિરલ કિશોર ખોના | જખૌ | ૨૯ |
| | | **આંતરજ્ઞાતિ સગપણ** | | |
| ૧૦.૦૯.૨૦૨૩ | થાઈલેન્ડ | પ્રશાંત દિલીપ જવાહરલાલ ત્રિપાઠી | ગોરખપુર | ૨૫ |
| | હુબલી | કરિશ્મા શૈલેશ ચીમનલાલ નાગડા | નલિયા | ૨૪ |
| ૨૪.૦૯.૨૦૨૩ | બેંગલોર | વૈભવ કાર્તિક રતનશી મૈશેરી | જખૌ | ૩૦ |
| | અમદાવાદ | રોશની ગૌતમ હીરાલાલ ઝાલા | અમદાવાદ | ૨૮ |
| ૨૯.૦૯.૨૦૨૩ | ભાંડુપ | પાર્થ કુમારપાલ મુલચંદ મૈશેરી | સાંયરા | ૨૬ |
| | મુલુંડ | ભાવિકા વશનજી ગોવિંદજી ઠક્કર | જખૌ | ૨૭ |
| | | **જ્ઞાતિ સગપણ છુટા** (ભુલ સુધાર) | | |
| ૨૦.૦૯.૨૦૨૩ | અમદાવાદ | દિપેશ જયચંદ શિયાલ | જખૌ | -- |
| | સુરત | રીટા ચીમનલાલ ધરમશી | સુથરી | -- |
| | | **જ્ઞાતિ લગ્ન છુટા** | | |
| ૧૭.૦૭.૨૦૨૩ | નાંદેડ | પિયુષ સુભાષચંદ્ર લાપસીયા | દલતુંગી | ૩૪ |
| | ડોંબિવલી | હેજલ લહેરચંદ દંડ | લાલા | ૩૪ |
| | | **આંતરજ્ઞાતિ લગ્ન છુટા** | | |
| ૨૧.૦૭.૨૦૨૩ | મુલુંડ | હાર્દિક રાજેન્દ્ર કાન્તિલાલ મોતા | રાયધણજર | ૩૭ |
| | વિલે પાર્લે | સ્નેહ અજીત કાકુભાઈ વિજાણી | ભાવનગર | ૩૭ |
| | | **મરણ** | | |
| ૧૮.૦૯.૨૦૨૩ | ભોપાલ | ગુણવંતીબેન નવીન દંડ | સાંધવ | ૭૦ |
| ૧૯.૦૯.૨૦૨૩ | સેલુ | ગીરીશ મેઘજી લોડાયા | રવા | ૭૪ |
| ૧૯.૦૯.૨૦૨૩ | રાયપુર | કાંતાબેન જવાહરલાલ મોમાયા | બારોઈ | ૭૦ |
| ૨૦.૦૯.૨૦૨૩ | કોચીન | મણીકાંત પદમશી મોતા | નલીયા | ૮૧ |
| ૨૨.૦૯.૨૦૨૩ | અમદાવાદ | તારાચંદ વેલજી લોડાયા | તેરા | ૭૮ |
| ૨૪.૦૯.૨૦૨૩ | ભાંડુપ | મેહુલ શાંતિલાલ દંડ | રાયધણજર | ૫૬ |
| ૨૯.૦૯.૨૦૨૩ | દેવલાલી | રશ્મિબેન દામજી ધરમશી | જસાપૂર | ૮૧ |

BEING JAIN

# Determination – The Golden Chariot of Desire

- **Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)



We saw how our desire holds the key to our spiritual success. **“But the difference between the impossible and the possible lies in a man's determination.”** This means that a genuine desire when coupled with a strong determination can catapult us to the heights we seek to attain.

A story demonstrates this truth very touchingly:

Seth Sagalsha, and his wife Sangavati led a virtuous life. Their charity was renowned even in distant places. But, in the midst of all their happiness, there was a flaw. A sage had prophesied that they would be blessed with a son only if they refrained from eating any food without first serving a saint or a sage. After many trials and tribulations, they finally had a son named Chellaiya, who grew up to me as pious and virtuous as his parents.

During one monsoon, a heavy downpour continued for several days, and they couldn't find a guest to serve food to. When the rain stopped Seth Sagalsha found a wandering ascetic. Seth and Sangavati decided to welcome him into their home to fulfil their vow and end their fast. The ascetic was repulsive, with a body covered in ashes, and he radiated a terrifying odour due to the pus and blood oozing from the abscesses all over his body. He lived near a cremation ground, and his presence was dreadful.

Despite their apprehension, Seth and Sangavati washed his feet, cleaned his body, dressed him in fine clothes, and served him a sumptuous meal. As the story progresses, the couple's frustration and desperation grow as they try to fulfill the guest's unusual demands.

The sadhu refused to eat, demanding meat dishes. They wondered if they would have to breach their vow, since they had no meat at home. Finally, the Seth reluctantly bought some meat from a butcher and they managed to prepare a meat dish for the guest. But the ascetic, in a fit of anger, smashed the plate of food, saying that they should have served him human flesh instead of normal food. Shocked and distressed, Seth and Sangavati begged him to explain himself. The ascetic revealed that he was from the sect of Aghoris, who consume only human flesh, and that the couple had failed to fulfill his demand. Seth and Sangavati were devastated by this revelation.

Sangavati very courageously suggested, "We have a son, and we will sacrifice him and make his meat available." The ascetic (who was actually a God) disguised himself as a young boy and warned Chellaiya that his dad was coming to kill him. He advised Chellaiya to run away. Upon hearing this, Chellaiya replied, "If I run away at this moment, I would be shaming my parents, because giving is in our blood."

So Sangavati, without shedding a tear (as per one of the conditions), pounded her son's body and prepared a meat dish to serve to the saint. The saint yet refused to accept anything as now they were a childless couple. Sangavati, who happened to be pregnant, cut open her womb to show that she still had a child and was eligible to provide food.

The ascetic's strange conditions were meant to test the couple's dedication to their oath, and Seth and Sangavati had proven their unwavering commitment to their vow, even in the face of the most challenging circumstances. In the end, they were blessed, and both Chellaiya and Sangavati were saved.

The story bids us to commit ourselves to our goal with a 'do or die' spirit. Catherine Pulsifer has codified this bidding into an inspirational poem:

**“Be determined in all you do**
**To yourself be true.**
**Don't take the easy way out**
**Stick to the plan, do not doubt.”**

Life Power

# Treat Suicide as a Public Health Crisis - 2

**Alpa Dharamshi** (Multilingual Counsellor) - **M.: 9945365319**
Pehechaan - A Mission To Help Identify Yourself.



Why does Mumbai/ Bangalore flood after heavy rainfall? Due to lack of outlets.

Therefore keep your outlets wide open at all times. Open your mouth to share your problems with your people. Take the help of regular meditation to open the outlet for your heart. If and when possible, the biggest outlet in the world which is your eyes, try to keep them open. Let the dam of tears overflow and release all stress, sadness, frustration. Shouldn't that be easier option than putting a gun to your head or hanging from a ceiling fan ?

Suicide is a difficult topic to talk about in Public, but it can happen to anyone. The less we talk about it, the more we perpetuate the idea that it is "taboo" or shameful. It's time we come out of our comfort zone, put our discomfort aside and start having tough conversations about suicide, because doing so we can save lives in the society we live in. You may be wondering at the number of people who resonate and the powerful difference we can make in our society.

Please give a thought not only to those who have lost their life to suicide, but to the family members and close friends who have been left behind. More so, please give some time and attention to those who have not committed suicide, but are having suicidal thoughts every now and then. Imagine the misery of a person who finds herself helpless, with no hope for the future, but unable to end her life for various compelling reasons. Such people need whatever help, support, friendship and companionship we can give them. Look around, there are many around us, and make some effort whenever you have the time. You will be doing a great service. Above all, we all have a role to play in creating a world without suicide.

Today - and every day - let those struggling know, we are here for you, those who have survived, we are proud of you, and those who have lost someone, we are supporting you.

**PLEASE DON'T:**

* CIRCULATE THE SUICIDE NOTE. * DON'T SHARE PHOTOS * DON'T ATTRIBUTE A SINGLE REASON FOR DEATH * DON'T USE THE WORD COMMIT.

PLEASE DO TREAT SUICIDE AS A PUBLIC HEALTH CRISIS -

* ENCOURAGE HELP-SEEKING BEHAVIOUR.

* SHARE CRISIS HELPLINE NUMBERS

* SEEK HELP IF THE DEATH TRIGGERED YOU.

How to talk about it safely, in a way that helps people open up

✗ Saying 'committed' suicide perpetuates stigma.

✓ Instead say took his/her/their own life or died by suicide.

✗ There's evidence that mentioning method or location of a suicide can lead to further suicides so avoid doing this.

✓ Do post sources of support and share stories of hope and recovery.

✗ If you're worried about someone, try not to use language that could come across as judgmental. For example, 'DON'T DO ANYTHING STUPID.

✓ Instead ask if they're feeling suicidal, and help them get the support they need.

✗ Don't share or repost anything that talks about suicide or self-harm in an unsafe way online.

✓ Do report content you see and think might be harmful.

Sharing about a real life incident.

At age 17, she was rejected from college.

At age 25, her mother died from disease.

At age 26, she moved to Portugal to teach English.

At age 27, she got married. Her husband abused her. Despite this, her daughter was bom.

At age 28, she got divorced and was diagnosed with severe depression.

At age 29, she was a single mother living on welfare.

At age 30, she didn't want to be on this earth. But, she directed all her passion into doing the one thing she could do better than anyone else. And that was writing.

At age 31, she finally published her first book.

At age 35, she had released 4 books, and was named Author of the Year.

At age 42, she sold 11 million copies of her new book, on the first day of release.

This woman is J.K. Rowling. Remember how she considered suicide at age 30?


Today, Harry Potter is a global brand worth more than $15 billion dollars.

Never give up. Believe in yourself. Be passionate. Work hard, It's never too late.

**"Though no one can go back and make a brand new start, anyone can start and make a brand new ending"-Carl Bard.**

Over View

# HELLO CHILD, HELLO HAPPINESS or STRESS!



**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646

Is a beach the beginning of an ocean or the beginning of land? Is bringing up children the beginning of Happiness or beginning of Stress ? Different words lead our thinking in different directions and bring in different assumptions. After all, a change in a WORD can bring a change in the WOR(L)D.

From the beginning of the 21st Century this new subject of stressed parenthood has emerged on the horizons of most of the families. Earlier, with half a dozen or more children parents never dreamt that this natural phenomenon can create stress for both the parents and the children.

The reasons for the state of affairs are well known and need no elaboration in this short article. Similarly, the nature and varieties of challenges faced by the present day parents are also familiar. So let me straight deal with some solutions, which, in a way, can not be generalised as both the parent and child are unique.

As old methods of discipline don't work anymore, parents are learning newer, gentler ways to get their kids to behave. On the basis of experience few tips, which are equally important, are suggested so that you have a happy and blissful parenthood and not a tressed and miserable one.

1. Don't take children's behaviour personally. Separate your emotions from discipline so that you don't lose your cool. Be firm and let your child know your expectations with love.

2. The parents have gone from one tight slap to one tight hug. Hitting does not help and rather leads to long-term mental health concerns (low confidence, anxiety) and also normalises violence.

3.Have a social group of parents, especially mother's, to discuss and exchange your challenges with open mind. However, kindly remember that 'Too many coocks spoil the broth.'

4. Please discuss the subject with your elders in house and your parents. Experience is more valuable than bookish knowledge.

5. Many kids have numerous learning disabilities which go unnoticed by both parents as well as teachers. Dyslexia is just one of them. Then no amount of efforts will yield results unless the root cause is identified and attended to. So don't hesitate to consult an expert in the subject. Many of such disabilities are curable, if attended to at the earliest. Google or articles in magazines or news papers may also help you in this regard.

6. Silence works better than shouting. Taking time out and move away will make the child understand that Parents mean business.

7. Fear is also not an ideal tool to discipline if we want to raise confident, resilient and well-adjusted children. Fear is an emotion that one can get used to. Eventually the child becomes rebellious and does not want to listen to you anymore.

8.Children by nature don't listen. They observe and learn. Messing up is the way children learn. They should be allowed to develop new skills through trial and error, however messy.

9. Joint family has its own advantages for this purpose.

10. Single child policy may helpful to live a stress free life but it has few disadvantages also. The undivided attention, pampering, protectionist and focus can cause parents to push their child towards being an idealistic high achiever, making it stressful for the child to live up to their expectations. Consequently, parents also are stressed out.

11. Brain of a child is not a pot to be filled in with too many subjects. Make it creative.

12. Love and affection can be expressed better without costly and unnecessary gifts and celebrations.

13. Teach them value of money and relationships.

14. Parents also have to use trial-and-error method to find the right ways to discipline depending on the unique personality of their child.

15. When we do not have a connect with the child they won't respond to us. So connect a bond with your child.

16. Teach kids it is OK to fail. Some things will work, somethings won't. And that is fine. It is important to try and when you learn from failure it is even more important.

17. The kindest thing you really have is your family. We should make the home a very comfortable safe space where our children can speak to us about anything.

18. Never stop them from crying. Just tell them it is okay to cry: they will feel better and the next day, they can try again.

19. Set boundaries and rules of conduct from the time the child is an infant. Give the child freedom within boundaries to give him a sense of responsibility. so you have control over what choices are offered.

20. If you want the child to eat dinner at the table stop taking your tray to the bedroom. The parents have to lead by an example.

21. Parents tend to put a lot of pressure on children to excel be it in academics or extracurriculars. All can't be masterpieces. Think over.

22. Kids may look cute and innocent but they are much smarter and more resilient than we think and they can be very manipulative too. So mould your self accordingly.

23. Do not share or ask marks of other children, directly or indirectly.

24. Avoid comparisions, even with siblings.

25. Experimental learning. When a child is taught about the World War in history class let your child write a little diary and has to assume an identity and write an entry daily imagining its struggles as against just memorising the dates and events.

26. Every child has some capabilities and some inabilities. In the name of correcting the inabilities we may destroy their core abilities. It is parents' responsibility to identify and groom them.

27. Not all first rank holders come first in life and not all backbenchers remain backbenchers in life. What we were and what we are is inconsequential to what we can become in life .

28. Though children develop differently, their needs are the same. They need love, affection and encouragement.

29. The much talked about generation gap can be handled with love and understanding.

30. Parents certainly have a moral duty to build understanding and respect in their children for opposite sex, respect for humanity, for the creation and eventually for the Creator. Parents, it is not enough that you teach your children to be able. It is important that you teach them to be noble.

प्रभुने आपको बनाया है मातापिता ।
कच्चे हीरे को बनाना है चमकता ।
शिल्पकार बनके सर्जन कीजिए मूरत ।
जिसकी हो भगवान की सूरत ।।

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**Shri Mukesh Khimji Lodaya (PS-1517)**
1902, Moksh Mahal,
P. K. Road,
Near Arihant Motors,
Mulund (West), MH - 400 080.
M. : 98670 25372.

**Shri Pramod Somchand Khona (PS-2897)**
C2-502, Integrated Kamal, Hira Nagar,
Behind Atmosphere,
Goregaon Mulund Link Road,
Mulund (West) MH - 400 080.
M. : 98337 88810.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



: જન્મ :
તા. ૧૪.૦૮.૧૯૫૪

: અરિહંતશરણ :
૦૫.૦૯.૨૦૨૩

## સ્વ. માતુશ્રી જયોતિબેન વિરેશ ખોના

નલિયા (કોચીન) ❖ ઉં.વ. ૬૯

વ્હાલનો દરિયો હતી, જે છલકતી જાય છે. લાગણી વેરાય છે ને, તું વરસતી જાય છે.
તૂટીને હું વિખરાઉં પણ, સપનાઓ તારા તૂટે નહીં.મારો શ્વાસ છુટી જાય, પણ સ્મિત તારું છુટે નહીં.
મારી માતા, ઓ પ્રભુજી જીવનની જ્યોતિ.પ્રેમે પૂજીયે, આપજો એમને, સાચી શાંતિ.

જીવન હવે, કેમે જીવું? કોને હવે હું ફરિયાદ કરું? મનની મુંઝવણ સુખ-દુઃખ તણી.. કોની સાથે હવે વાત કરું?
મારા પ્રસંગો જે સાચવી લે, હેતથી અને પ્રેમથી, બેરંગી આ જીવનમાં, જે રંગ પૂરતી'તી વ્હાલથી,
મારી માતા, ઓ પ્રભુજી, જીવનની જ્યોતિ, પ્રેમે પૂજીયે, આપજો એમને સાચી શાંતિ.

### -: શોકાતુર :-

પતિ : વિરેશ દેવશી ભાણજી ખોના, પુત્ર : સ્વ. અમિત વિરેશ ખોના
પુત્ર : દર્શન વિરેશ ખોના - પુત્રવધુ : કોમલ દર્શન ખોના
પુત્રી : તેજલ જયેશ શાહ - જમાઈ : સ્વ. જયેશ જગદીશ શાહ
પૌત્રી : મુસ્કાન દર્શન ખોના દોહિત્રી : બ્રિન્દા જયેશ શાહ

: શ્રદ્ધા સુમન :

માતુશ્રી સુમતિબાઈ દેવશી ભાણજી ખોના - નલિયા (કોચીન)
માતુશ્રી સોનબાઈ શિવજી રતનશી કુરૂવા - ગોધરા (મુલુંડ)

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2021-2023 WPP Licence No. MR/Tech/WPP-352/North/2021-23
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001




| If undelivered, please return to : | To, |
|---|---|
| **C.D.O. PRAKASH SAMIKSHA**<br>A/704, Remi Bizcourt, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai - 400 053. | |

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**